

સંસ્થાપક

પ્રશાન્ત મૂર્તિ આચાર્યપ્રવર શ્રીમદ કીર્તિસાગર સૂરીશ્વરજીના સાનિધ્યમાં પન્યાસ પ્રવર શ્રી મહોદય સાગરજી ગણિવર્ય....

# વાચકોની કલમે...........!

"બુધ્ધિપ્રભા" દિનપ્રતિદિન વિકાસના પંથે કૂચ કદમ કરતું રહે, ગુરૂદેવના શુભ સંદેશનું પ્રચાર કરતું રહે, અને તે દ્વારા શાસનનાંનોતિ કાર્યોમાં પ્રથમ કક્ષાએ સમાજને દોરવણી આપી શાસનની સેવા કરી તેને ઉજ્જવળ બનાવે એજ શુભાભિલાષા.

પન્યાસ પ્રવર શ્રી સુબોધસાગરજી મ. સા. (ભાવનગરથી)

"બુદ્ધિપ્રભા" માસીક શરૂ કર્યું એક વરસ પૂરું થયું અને તે દ્વારા સમર્થ વિદ્વાન, તત્ત્વવેત્તા મહાન કર્મયોગી અને આધ્યત્મરંગી શ્રીમદ પૂજ્ય બુધ્ધિસાગરસૂરીશ્વરજીનું નામ અને કાર્ય અમર રાખવા પ્રયાસ કર્યો તેને માટે પ્રેરકને તંત્રીઓને ઘણા ઘણા ધન્યવાદ...........તેઓશ્રીના નામે નીકળતું "બુધ્ધિપ્રભા" જરૂર બહોળો ફેલાવો પામશે અને જનતા ઉપર મહાન ઉપકાર કરશે તેવી મને સંપૂર્ણ શ્રધ્ધા છે.

શ્રી મણીલાલ હ. ઉદાણી (તા. ૨૩-૧૦-'૬૦ના પત્રમાંથી)
એમ. એ (અમેરીકા) એલ. એલ બી. એડવોકેટ

"બુધ્ધપ્રભા" સામાયિક કાઢીને આપે ઘણું જ ઉત્તમ કાર્ય કર્યું છે. અને ગુરૂ મહારાજશ્રી બુધ્ધિસાગરજીનું નામ ઉજ્જવળ કર્યું છે. એક વરસના ગાળામાં તેમનું સાહિત્ય આપીને જ્ઞાનની તમે ઉમદા સેવા કરી છે. આ સામાયિક વધુને વધુ વંચાતુ થાય ને સંગીન બને એ જ અભ્યર્થના તેના સફળ સંચાલન ને સંપાદન માટે તેના કાર્યકર ભાઈઓને મારા હાર્દિક અભિનંદન અને ધન્યવાદ............

શ્રી હરગોવિંદદાસ જે કોઠારી (ઢાકા)
ઓર્ગેનાઈઝર, સૌરાષ્ટ્ર જીવદયા મંડળ
(તા. ૨૬-૧૦-'૬૦ના પત્રમાંથી)

## —: આ અંકનું શબ્દ સ્થાપત્ય :—


ચિંતન કણિકાઓ...........
અંજલિ ને અભ્યર્થના..........
વિશ્વ જ્યોતિર્ધર્ને................
મુખડા દેખો દર્પનમેં..........
અવિકારી આત્મા.............
મોતના ખપ્પરમાં.............
પ્રાર્થના.........................
શાસન સમાચાર, નામાવલી, સાભાર સ્વીકાર આદિ...........

# બુદ્ધિપ્રભા

## કારતક


તંત્રીઓ:- પંડિત છબીલદાસ કેસરીચંદ સંઘવી.
શ્રી. ભદ્રીકલાલ જીવાભાઈ કાપડીઆ

વર્ષ ૨ જુ ] પ્રેરક:—મુનિશ્રી ત્રૈલોક્યસાગરજી [ અંક ૧૩ મો


ગુજરાતના પહેલા પનોતા પુત્ર

કલિકાલ સર્વજ્ઞ

શ્રી

## હેમચન્દ્રાચાર્યને



# ચિંતન કણિકાઓ!....

પ્રભો! મને તો તારી પેલી શાંતમૂર્તિ બહુ ગમે છે. નદીનો કિનારો છે, કલકલ સંગીત છે. મંદમંદ પવન છે અને તું [illegible] ઊભો છે; ત્યહિં કોઈ જ ચિંતા નથી; કોઈ ઉદ્વેગ નથી; બધું જ ભૂલાયું છે; જાણે કશું જ યાદ નથી. જીવંત શાંતિ જ તારા દેહસ્વરૂપમાં ઊભી છે. એ શાંતમૂર્તિ! એ સૌમ્યપ્રતિમા!! બસ જોયા જ કરું, જોયા જ કરું....

....X....

પ્રભો! તારી એ મુત્સદ્દીવટ માનું કે મુક્તિ પ્રત્યેની અતૂટ સાધના? તારું નિર્વાણ તે જોઈ લીધું અને તેં એને દેવશર્માને પ્રતિબોધ પમાડવા મોકલી દીધો. વાહ! શું તારી [illegible]! ના ના, એમ કહું તો તારું અપમાન જ ગણાય ને! એને મોકલીને તેં તો [illegible] આક્રમણ કર્યો અને મુક્તિએ એનું સ્વાગત કર્યું. અને દૂર કરાન તો તેં મુક્તિને એના સ્વાગત માટે સજાવી દીધી!! વાહ જાદુગર, વાહ! વીર! તું તો જીવન કલાધર છે!...............

....X....

"જોત જોતામાં તો વરસ પૂરું થઈ ગયું," એ નિરાશ થઈ ગયો.

"ના, એમ નહિ" મેં કહ્યું "જો પેલા દૂર ક્ષિતિજ પરથી નૂતન વરસના સોનેરી કિરણો પા-પા પગલી ભરી રહ્યાં છે ગાંડા! વરસ નહિ; જિંદગી પૂરી થાય છે. કાળ તો અનંત છે."...............

....X....

એ આજ ખુશ હતો. એણે કહ્યું: "માગ, માગ તે આપું." અને મેં કહ્યું: "રામ જિનાનો મને સંસાર આપ." એણે પૂછ્યું: "કેમ!" "હું તો વિતરાગનો પૂજારી છું. આપે તો મને વિરાગ આપ."...........

....X....

એ જાણે છે, એ સમજે છે; છતાંય એ નિષ્ક્રિય રહે છે; એ પ્રમાદી છે. એને ખબર નથી; એને જ્ઞાન નથી; અને એ પડ્યો રહ્યો; છે એ આળસુ છે. તું જો એવો જ આળસુ હોઈશ તો તને માફ કરીશ. કારણ જ્ઞાનીના પ્રમાદને ક્ષમા નહિ એને તો શિક્ષા જ હોય. જ્ઞાનીને નિષ્ક્રિય પડી રહેવાનો કોઈ હક નથી. ....X....

જીવને જવાનીનું કન્યાદાન કર્યું. આતમ ને જવાનીનાં લગ્ન થઈ ગયાં. અને પહેલી જ રાતે બંને ઝઘડી પડ્યાં.

"હું તો આઝાદ રહેવાની મને તમારી ગુલામી પસંદ નથી. હું તો ગાન ગાવેને જીવીશ"

બસ ત્યારથી આજ સુધી બન્ને વચ્ચે ઝઘડા ચાલ્યા જ કરે છે.

આ જવાની ક્યારે સમજશે કે આત્માના બંધનમાં જ એની મુક્તિ છે........

....X....

પ્રભો! મેં તો મુક્તિનું મંગલ ગીત માગ્યું હતું. મારે આ જનમ-મરણના રાસ ગરબા નથી ગાવાં.

"મૃદુલ"

# અંજલી અને અભ્યર્થના !....

## તંત્રી લેખ.

ગુજરાતની અસ્મિતાનો જ્યારે ભારતની પ્રજાએ સ્વીકાર કર્યો છે, એનું અલગ રાજ્ય આપ્યું છે, એનો નોખો વહીવટ થયો છે ત્યારે એ અસ્મિતાના ઘડવૈયાઓને આપણે પહેલાં યાદ કરવા પડશે. એ પુણ્યાત્માઓની મંગલ આશીષ લઈને તેઓને પ્રણામ કરીને આપણે આગળ વધવાનું રહેશે. એમ ન કરીએ તો આપણે નગુણા અને કૃતઘ્ની જ માત્ર બની રહીશું.

"બુદ્ધિપ્રભા" ને કેટલીક મર્યાદા છે આથી અમે માત્ર એ અસ્મિતાના ઘડતરમાં જૈન ઇતિહાસનો જેટલો ફાળો છે એની જ નોંધ લઈશું.

ગુજરાતના ઇતિહાસમાંથી જો જૈન મંત્રીઓ અને જૈનમુનિઓને બાદ કરી નાંખવામાં આવે તો દુનિયા સમક્ષ એના વૈભવને, એની યશોગાથાને ધરવા માટે બહુ જ ઓછું સાધન રહે છે. ગુજરાતની સંસ્કૃતિ જૈનો વિના ફીક્કી છે, અધૂરી છે.

ગુપ્તોનો સુવર્ણયુગ હતો. પણ ત્યારે ગુજરાતનું સાચું ગૌરવ ન હતું. એની અસ્મિતા ત્યારે જાગી ન હતી અને એ યુગમાં જે કંઈ ખૂટતું હતું એ સોલંકીન સુવર્ણયુગમાં પૂરું કરવામાં આવ્યું.

સોલંકીયુગમાં ગુજરાતનો પ્રાણ જાગે છે. રાજના તખ્તા પર રણમૂર્તિ સિદ્ધરાજ બેઠો છે. રાજના સીમાડાઓથી એને સંતોષ છે પણ ગુજરાતી ભાષાનું દારિદ્ર જોઈ એનું મન અજંપો અનુભવે છે. માળવાના દરબારની મશ્કરીઓ એના મનને વીંધી નાંખે છે.

એ સમયે ખંભાતના જૈન ઉપાશ્રયમાં ગુજરાતનો પ્રાણ સળવળે છે. આજના ગુજરાતનું મહા-સપનું સાકાર કરવા માટે એકવીસ વરસનો એક નવજવાન સાધુ સાધના કરી રહ્યો છે. ગુજરાતને સંસ્કાર સમૃદ્ધ કરવાનું જાણે એ પણ લઈને બેઠો છે.

અને થોડા સમયમાં તો એણે ગુજરાતને બોલતા શીખવી દીધું. એની જબાનમાં એણે ગીતો મૂક્યાં. ગુર્જરનારીઓના મોંમાં એણે રાસગરબાઓ ગાતી કરી દીધી. ગુજરાતની લાખ વરસોની એણે ઊંઘ ઊડાડી દીધી.

એ આવ્યો અને ગુજરાતી સાહિત્ય કલ્લોલ ભરવા માંડી. એની કલમ ચાલવા માંડી અને ગુજરાતની સૂરત બદલાવા માંડી. એની વાણી વહેવા લાગી અને ગુજરાતનો આતમ આળસ ખંખેરીને બેઠો થઈ ગયો.

સાહિત્યનો એકેએક ખૂણો એણે શણગારી દીધો. ગુજરાતીનું એ ખંડેર—એના કામ પછી એક મંદિર બની ગયું.

ગુજરાતની યશગાથા ગાતું એણે "દ્વયાશ્રય" કાવ્ય આપ્યું. ગુજરાતનો એણે ઇતિહાસ લખ્યો. કૃષ્ણે અર્જુન માટે ગીતા લખી તો કુમારપાળ માટે એણે "યોગશાસ્ત્ર" બનાવ્યું. એક શબ્દના અનેક અર્થ આપતો " "અભિધાન ચિંતામણી" લખ્યો. છંદ અલંકારની પણ એણે ચર્ચા કરી. એના પણ ગ્રંથ રચ્યાં. વ્યાકરણ, અને શબ્દકોષના પણ એણે ગ્રંથ આપ્યાં. ચરિત્ર ગ્રંથો પણ લખ્યા. ગુજરાતમાં આ નથી. એવું ફરી કોઈ કહે નહિ એવી એણે સાહિત્યની દીર્ઘ સાધના કરી.

ગુજરાતનો એ પહેલો સાહિત્યસમ્રાટ હતો ગુજરાતનો એ આદ્ય કવિ-નાટકકાર, ઇતિહાસકાર, ચરિત્ર લેખક, વૈયાકરણી, ચિંતક, વિવેચક હતો.

પણ વધુ મહાન તો એ સંસ્કાર દષ્ટા હતો તે છે.

મહાવીરની અહિંસા ત્યારે ઢીલી પડી હતી. એના સંસ્કાર ત્યારે નબળા પડયા હતાં ત્યારે કુમારપાળને એણે અહિંસાના પિયૂષ પાયાં રાજકારણ પણ અહિંસા ને સત્યથી જ વધુ દઢ ને સંગીન બની શકે છે એવી સુયોગ્ય કેળવણી આપી એણે પ્રજાને આધ્યાત્મિક બળ આપ્યું. ગુજરાતને એણે એના યોગબળથી સંસ્કાર્યું હતું.

છિન્નભિન્ન થયેલી ગુજરાતની અસ્મિતાને એણે બેઠી કરી હતી. એના સાહિત્યમાં એણે નવા ચીલા પાડયા હતાં, ગુજરાતની એકયતાનું એણે ભાન કરાવ્યું હતું. "હું ગુજરાતી છું" એવું એણે આપણું સ્વમાન પેદા કર્યું હતું. આમ ગુજરાતને અનેક રીતે એણે જગાડયું હતું, સંસ્કાર્યું હતું; એને બોલતું કર્યું હતું અને વિશ્વના બીજા રાષ્ટ્રો કે રાજ્યો સામે ઊભું રહી શકે તેમ ઘડતર કર્યું હતું.

ગુજરાતના એ પનોતા પૂત્ર કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય ને આજ એના (કારતક સુદ પૂનમ) જન્મ દિવસે અમે લાખ લાખ વંદન કરીએ છીએ.

અમને, આપણા ભાઈબેનોનું એના માટેનું મૌન જોઈ ખૂબ જ રંજ થાય છે. એના માટે આજ સુધી આપણે શું કર્યું ? ત્યાર પછી થઈ ગયેલી કંઈક વિભૂતિઓના આપણે સમાધિ મંદિરો, તેમના નામના જ્ઞાનમંદિરો એવાં અનેક સ્મારકો ઊભાં કર્યાં તેમના જન્મ દિવસો, મૃત્યુ દિવસોની જયંતિઓ પણ ઉજવી; ઉજવીએ છીએ. એમના સ્મરણમાં વિશેષાંકો કાઢીએ છીએ; સભાઓ પણ યોજીએ છીએ; અને તેઓના ગુણગાન પણ ખૂબ ખૂબ કરીએ છીએ.

પણ દુઃખ સાથે લખવું પડે છે કે આ પનોતા પુત્રને આપણે ભૂલી જ ગયા છીએ. દીવાળીની લૌકિક ઉજવણીમાં એના માત્ર ઉપેક્ષા જ કરી છે.

ગુજરાતની અસ્મિતાનો જ્યારે સત્તાવાર સ્વીકાર થયો છે ત્યારે એ સંસ્કારદાતાનું યોગ્ય બહુમાન આપણે કરવું પડશે. અને તેમાંય આપણે જૈનોએ તો અગત્યનો ભાગ ભજવવો પડશે. કારણ એ લાડીલાને જૈન માતાએ ઉછેર્યો છે

ખંભાતમાં એનો પહેલો અધ્યયનકાળ ને અધ્યાપન કાળ ગયો છે એમ એના ચરિત્રકારો કહે છે. એની સ્મૃતિનો સાક્ષી આપતો એવો એ ઉપાશ્રય આજ પણ ખારવાડામા એની મૌન સાક્ષી પૂરતો ઊભો છે. એનું અનેક સાહિત્ય પણ હજુ ઉપલબ્ધ છે.

શું એની અંજલિમાં આપણે એક જ્ઞાન મંદિર ન બાંધી શકીએ ? શું એવું એક એની સ્મૃતિમાં ગુરૂ મંદિર ઊભું ન કરી શકીએ ! ઇતિહાસના એ એક અવશેષને શું આપણે બોલતો ન કરી શકીએ ?

વિસરાઈ ગયેલી એક વિભૂતિને આજ યાદ કરવાની ખૂબ ખૂબ જરૂર છે. કારણ એ માત્ર એ જમાનાનો જ મહાન પુરુષ ન હતો. દરેક યુગનો એ મહાન પુરુષ છે અને રહેશે.

દુનિયાના જડ વ્યવહારમાંથી થોડા ફારેગ થઈ એની જયંતિ ઉજવીએ, એના સાહિત્યનું અધ્યયન કરીએ, એના જીવનનું વાચન કરીએ, એના આદર્શોનું જીવનમાં અમલ કરીને એ વંદનીય વિભૂતિ શ્રી હેમચંદ્રાચાર્યનું યોગ્ય બહુમાન કરી આપણે નાની શી અંજલિ અર્પણ કરીએ એજ અભ્યર્થના...



# મુખડા દેખો દર્પનમેં

લે. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી.



અજ્ઞાન, આસક્તિ, મોહથી જે નિવૃત્તિની સાધના કરવામાં આવે છે તેથી મોક્ષની પ્રાપ્તિ થતી નથી; જૈનોના ચારે વર્ણો સ્વસ્વવર્ણ્ય કર્મથી ભ્રષ્ટ થવા લાગ્યા ત્યારથી જૈનોની પડતી થવા લાગી છે. જે કોમમાં ગુણકર્મ વિશિષ્ટ ક્ષત્રિયો, તથા વૈશ્ય ગુણકર્મ વિશિષ્ટ વૈશ્યોનો નાશ થાય છે તે કોમનો અને તે દેશનો તથા તે ધર્મનો હ્રાસ—નાશ થાય છે. જ્યારથી ત્યાગાવસ્થામાં શુષ્ક વાચિક જ્ઞાન, ધર્મારાધનાની રૂઢ પ્રવૃત્તિઓ વધી ત્યારથી જૈનોની સેંકડો સૈકે પડતી થવા લાગી છે. વ્યાવહારિક વર્ણકર્મ ધર્મપ્રવૃત્તિઓ તથા ધાર્મિક પ્રવૃત્તિઓનો જુસ્સો જૈનોમાંથી નરમ પડયો ત્યારથી જૈનોએ અન્ય કોમોની સ્પર્ધામાં હાર ખાધી છે. પ્રવૃત્તિ વિના ધર્મ તેવો ધર્મ દુનિયામાં જીવી શકતો નથી.

જે ધર્મ કોમમાં સર્વપ્રકારની પ્રગતિકારક શુભ ધર્મકર્મની પ્રવૃત્તિઓનો જુસ્સો નથી તે કોમ અને તે ધર્મનું દુનિયામાં નામનિશાન રહેતું નથી. જૈન કોમમાં જ્યાં સુધી આવો બોધ અને એવી પ્રવૃત્તિઓ થતી હતી ત્યાં સુધી જૈનોમાં ચડતીનો સૂર્ય ઊગ્યા કરતો હતો.

પ્રવૃત્તિ ધર્મ વિના કોઈ ધર્મની ચડતી નથી.

જૈનોમાં ત્યાગીઓમાં ત્યાગ ધર્મ છે તેથી કંઇ કોઇપણ અવસ્થામાં સ્વાધિકાર પ્રમાણે શુભ પ્રવૃત્તિઓનો નિષેધ કરવામાં આવ્યો નથી. સ્વાધિકારે આત્મજ્ઞાન પૂર્વક દરેક કર્તવ્ય પ્રવૃત્તિઓને કરતાં સંસારમાં બંધન થતું નથી. એવા કર્મયોગને જ્યારથી વિસરી ગયા ત્યારથી જૈનો બીકણ, દીન, માયકાંગલા જેવા બની ગયા અને ત્યારથી જૈનોની પડતી થઇ. સાધુઓએ ગૃહસ્થોને તેમના અધિકાર પ્રમાણે કર્તવ્ય પ્રવૃત્તિનો ઉપદેશ આપવામાં બરાબર લક્ષ ન રાખ્યું અને સર્વ ગૃહસ્થોને સાધુ ધર્મનો ઉપદેશ આપવા લાગ્યા ત્યારથી ચારે વર્ણના ગૃહસ્થ કર્મોની અવ્યવસ્થા થવા લાગી અને તેથી જૈનો જાતિની અપેક્ષાએવા ગુણકર્મની અપેક્ષાએ ચારે વર્ણોને જીવતા રાખી શકયા નહીં.

સાધુઓનું લક્ષ ફક્ત વ્યવહારિક વર્ણકર્મ ધર્મ ન રહેતાં એકલી મોક્ષની ક્રિયા તરફ ગુંથાઈ ગયું અને તેથી ગૃહસ્થોમાં સાધનવ્યવહાર વર્ણ કર્મ વ્યવસ્થાનો નાશ થતો ગયો. જૈનાચાર્યો કોઇ કારણે કેવા સંયોગોમાં મૂકાઇ ગયા કે જેથી તેઓ જૈનધર્મી ચારે વર્ણોને સંરક્ષી શકયા નહિ.

વણિક થવા તે જ જૈનધર્મી ગણાય એવી કેટલીક માન્યતા થવાથી અનેક ક્ષત્રિય રાજાઓએ તથા ક્ષત્રિયોએ વણિકત્વ સ્વીકાર્યું એમ જૈન ઐતિહાસિક ગ્રંથોથી માલુમ પડે છે. રજોગુણ અને તમોગુણવાળી શુષ્ક નિવૃત્તિ જ્યારે મુખ્યતાએ પ્રવર્તે છે ત્યારે ચાર વર્ણના કર્મ ધર્મની અવ્યવસ્થાથી જૈનધર્મના પ્રચારની પણ અવ્યવસ્થા થઇ જાય છે. વ્યવહારનયમાં કહેલા કર્તવ્ય કાર્યોનો ઉચ્છેદ કરવાથી

જૈન ધર્મનો ઉચ્છેદ થઈ જાય છે. જ્યારે જ્યારે ધર્મપ્રવૃત્તિની મુખ્યતા હોય છે ત્યારે ત્યારે દરેક દેશનો, ધર્મનો, કોમનો ઉદય થાય છે એ નિયમ કદી ભૂલવો ન જોઈએ.

જૈનાચાર્યો પૂર્વે અનેક શુભ પ્રવૃત્તિઓમાં આત્મભોગ આપતા હતાં અને નિરાસક્ત ભાવથી દરેક બાબતોમાં આગેવાની ભર્યો ભાગ લેતા હતાં, અને એવા ક્રિયોદ્ધારથી અથવા વ્યાવહારિક પ્રવૃત્તિને મુખ્ય કરી પ્રવર્તવાથી તેઓ જૈનધર્મનો પ્રચાર કરી શકતા હતા. ગૃહસ્થ જૈનો સ્વાધિકારે ગુણકર્મ પ્રમાણે વ્યાવહારિક તથા ધાર્મિક પ્રવૃત્તિઓમાં અનાસક્તિથી મશગૂલ રહેતા હતા તેથી તેઓ જૈનધર્મના વાવટો સર્વત્ર પ્રસરાવવા શક્તિમાન થયા હતા. પૂર્વે રાજકીય જૈનધર્મ હતો તેનું મુખ્ય કારણ કર્મયોગી જૈનો હતા એ જ લક્ષ્યમાં રાખવાની જરૂર છે. આત્મજ્ઞાન વિના કેટલાક જૈનોએ એકાંત ધ્યાનને જ ધર્મ માની લીધો અને તેઓ જૈનધર્મનાં અન્ય ઉપયોગી તત્ત્વોના ધર્મને ભૂલી ગયા તેથી તેઓ ગૃહસ્થ ધર્મના ઉપરાંત સાધુના જેવી દયા પાળવાને તૈયાર થયા પણ તેથી તેઓ સ્વાધિકારે વર્ણ પ્રમાણે કર્મને ધર્મની પ્રવૃત્તિ વિના કેટલીક ધર્મ બાબતોથી ભ્રષ્ટ થયા; જેથી તેઓની વિ. સં. પંદરમા સૈકાથી પડતી થવા લાગી

શુષ્ક નિવૃત્તિથી ખરા ત્યાગીઓ પાકતા નથી તેમજ ઉત્તમ ગૃહસ્થો પણ પાકતા નથી. જ્ઞાન, વૈરાગ્ય વિનાની અને શુભ પ્રવૃત્તિ વિનાની એકલી શુષ્ક નિવૃત્તિથી વનમાં, ગુફામાં, ઉપાશ્રયમાં પડી રહેવા માત્રથી ગૃહસ્થ ધર્મથી અને ત્યાગ ધર્મથી ભ્રષ્ટ થવાય છે.

અત્યારે તો "શ્રીમદ્ હેમચન્દ્રાચાર્ય" જેવા કર્મયોગી ત્યાગીઓની જરૂર છે. અને વિમલશાહ વસ્તુપાળ, સંપ્રતિ, શ્રેણિક, શ્રીકૃષ્ણ જેવા ગૃહસ્થો કર્મયોગીઓની જરૂર છે, ક્ષાત્રય ધર્મ પ્રમાણે વર્તનારા અને જૈન ધર્મ પાળનારા એવા ક્ષત્રિયોની જરૂર છે. સ્વાધિકારે ગુણ કર્મ પ્રમાણે, વર્ણ ધર્મમાં રહીને જૈન ધર્મ પાળનારા ગૃહસ્થ કર્મયોગીઓની જરૂર છે. બ્રાહ્મણનાં ગુણ કર્મ પ્રમાણે વિદ્યાધ્યયન કરનારા કર્મયોગી જૈન બ્રાહ્મણોની જરૂર છે પરંતુ વૈશ્ય શૂદ્રના ગુણ કર્મ ધારનારા એવા જૈન બ્રાહ્મણોની જરૂર નથી.

આચાર દિનકરમાં ગુણ કર્મ વિશિષ્ટ બ્રાહ્મણ, ક્ષત્રિય વૈશ્ય અને શૂદ્ર એ ચાર ગૃહસ્થ વર્ણની આવશ્યકતા બતાવી છે. આસક્તિ વિના ચારે વર્ણના જૈનો જૈનધર્મ પાળતાં અને અંતરમાં પરમાત્મા વીતરાગદેવનું ધ્યાન ધરતાં છતાં ગુણ કર્મના પોતાના અધિકાર પ્રમાણે પ્રવૃત્તિ ધર્મ સેવતાં છતાં કર્મથી બંધાતા નથી અને પરબ્રહ્મપદની અર્થાત્ મોક્ષપદની પ્રાપ્તિ કરી શકે છે, એવું કર્મયોગનું રહસ્ય જ્યારથી જૈન ગૃહસ્થોમાંથી વિસરાઈ ગયું ત્યારથી ગૃહસ્થ જૈનોમાં અને ત્યાગી વર્ગમાં શુષ્ક નિવૃત્તિમાર્ગની અને શુષ્ક નિવૃત્તિ માર્ગની ગૌણતાની પરંપરા વધવા લાગી અને તે આજે જૈન કોમનાં લક્ષણ માલૂમ પડે છે માટે ગૃહસ્થ ચારે વર્ણના જૈનોમાં અને ત્યાગીઓમાં ક્રિયોદ્ધારની અર્થાત્ વિશાળ દૃષ્ટિએ કર્મયોગના ઉદ્ધારની અત્યંત આવશ્યકતા જણાય છે. જૈન કોમમાં જ્ઞાન ક્રિયા માર્ગના રહસ્યો, જ્યારથી આચ્છાદિત થયાં ત્યારથી જૈન કોમની પડતીનો આરંભ થયો

હવે અનેક દેશીય પક્ષઓની જાગ્રતિમાં ભરતી થવા લાગી છે તેમાં જ્યાં સુધી જૈન શુષ્ક નિવૃત્તિ પ્રધાનતાને જૈન કોમ વળગી રહેશે તો અંતે પરિણામ એ આવશે કે જૈન કોમ પોતાનું નામનિશાન દુનિયામાં રાખી શકશે નહિ........ આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત કરીને આત્મજ્ઞાની બની નિરાસક્તપણે સ્વાધિકારે સર્વ વ્યાવહારિક તથા ધાર્મિક કર્મો કરનાર કર્મયોગીઓ બહોળા પ્રમાણમાં ચારે વર્ણમાં પ્રગટે તો જૈનધર્મ તથા જૈન કોમની ઉન્નતિ થાય તે નિશ્ચય છે......

("કર્મયોગ" ની પ્રસ્તાવનામાંથી)

# મોતના ખપ્પરમાં

લે. "પથયાત્રી"

એનો ગુન્હો બસ આટલો જ હતો. એ રૂપાળી હતી. સૌન્દર્યની પ્રતિમા હતી.

અને એ રૂપ જ એનું દુશ્મન બની ગયું! એ સૌન્દર્યે જ એની જિંદગીને તોફાને ચડાવી દીધી!!!

એ રાજકન્યા હતી. પણ રાજાઓનું માનસ ને! દુષ્યંતે શકુંતલાને ક્યારે ઓળખી હતી! અને એ રાજકન્યા છતાં ઋષિ કન્યા બની હતી.

વનનિકુંજોમાં એના યૌવનનું ઘડતર થયું હતું. ઋષિઓના પવિત્ર ને શાંત સહવાસમાં એના અંતરનું સંસ્કરણ થયું હતું. જેવું ભરપૂર ને મદીલું યૌવન હતું એવા જ દૃઢ સંસ્કાર હતાં.

અને દરેક યૌવનાની એક ઘડી આવે છે, જ્યારે એને પોતાના છોડી પરાયાને પોતાના બનાવવા પડે છે.

એની એ વિદાય વેળા હતી.

"બેટા! હું તો ઋષિ રહ્યો તને બીજું તો શું આપું! આ એક શીખ આપું છું પ્રાણાન્તે પણ તેનું રક્ષણ કરજે; કદી તારા શીયળનો ભંગ ન થવા દઈશ. એથી મરવું વહાલું ગણજે પણ એવા પાપને વશ ન થઈશ."

આશ્રમની કુંવારી કન્યા વિભૂષણ નગરની રાજરાણી બની. વિમલ રાજાની એ હૃદય સામ્રાજ્ઞી બની આવી.

પણ એના જીવનને સુખ નસીબ નહતું.

વિમલને એના સિવાય બીજી પણ રાણી હતી. અને આ દુનિયામાં પુરુષોએ જેટલું સ્ત્રીનું નુકશાન નથી કર્યું એનાથી ય વધુ સ્ત્રીએ સ્ત્રીનું નુકશાન કર્યું છે.

ઇર્ષ્યાની આગ સળગી ઊઠી. વેર લબૂકી ઊઠ્યો ચંપકમાળા ચંડીકા બની.

"હું છતું ને વનમાળા વિમલની હૃદય સામ્રાજ્ઞી બને! કદાપી નહિ–કદી નહી. એ હું છું ત્યાં સુધી નહિ સાંખી લઉં. વનમાળા મારા રાહમાંથી હટવી જ જોઈએ"

અને અબળા જ્યારે પ્રબળા બને છે ત્યારે શું નથી કરતી! ને આ તો ઇર્ષ્યાની જીવતી સળગતી આગ હતી પછી શું બાકી રહે.

વળી ચંપકમાળા પટરાણી હતી. વિમલની મહારાણી હતી. રાજસત્તાની એક મહત્વની વ્યક્તિ હતી.

સત્તાના એક અવાજે વનકન્યાની જિંદગી બરબાદ થઈ ગઈ. વિમલ કંઈ બહાર ગયો ને એના મૃત્યુનો સંદેશ છૂટી ગયો.

મોતનો પેગામ? વનમાળાના હોશ ઊડી ગયાં. કેવાં સપનાં લઈને એ આવી હતી! અને આ કરાળ મોતના સ્વાગત કેવા! એને કંઈ સમજાતું નહિ

એ ભાગી મહેલની અટારીએથી એણે પડતું મૂક્યું પરંતુ મોત એના માટે એટલું ઉતાવળું ન હતું. એ ઉપરથી પડી અને નીચે મજબૂત હાથોમાં ઝીલાઈ ગઈ!

ઘડી મોત થંભી ગયું. ફૂલ કરમાય તે પહેલાં ચગદાઈ ગયું.

અને આ તો જીવતું પૂર્ણ ખીલેલું પુષ્પ! નરી નાજુકતા!! એકદમ પૂર્ણ સૌન્દર્ય!!! ને તે પોતાના હાથમાં હતું.

મનનો વિકાર જાગી ઊઠ્યો. પુરુષનું શયતાન બેઠું થઈ ગયું અને નિરાધાર સૌન્દર્ય!! લાચાર રૂપ! કેક જવાની!!!

“પ્રિયે! મારી પત્ની બની સુખી થા.” પુરુષે વિનંતી કરી પણ વનમાળા સંસ્કારી હતી. તપની પવિત્ર શાખાઓ પાસે એ ઉછરી હતી પવિત્રતાના એ પાઠ અંતરથી ભણી હતી એણે સાફ ઇન્કાર કરી દીધો.

સ્ત્રીની ના અને પુરુષની હા—બન્નેવચ્ચે ખેંચતાણ થઈ ગઈ. એ ના પાડતી રહી પેલો આગ્રહ કરતો રહ્યો અને એની ના એને વધુ વિહ્વળ બનાવી રહી હતી, એનો કામ ધમ પછાડા કરી રહ્યો હતો.

પણ બ્રાહ્મણનો એ સપૂત હતો. ગળથૂથીમાંથી જ સંયમના પાઠ શીખ્યો હતો એ સ્વીકાર કરે તો જ હું એને ભોગવી શકું એ આદર્શ લઈને એ જનમ્યો હતો

પરંતુ એનો આદર્શ આજ નબળો પડતો હતો. એના સંસ્કાર અત્યારે તૂટતા હતા. છતાંય એ બ્રાહ્મણનું સાચું બૂંદ હતું.

ક્ષણિક આવેગ કરતાં અમર આદર્શને એણે વહાલો કર્યો. ભાવનાની જીત થઈ; એણે વનમાળાને વેચી દીધી.

આમ ફૂલ એક હાથમાંથી બીજા હાથમાં જતાં મુરઝાવવા લાગ્યું.

શીયળની રક્ષા કરતાં એની જિંદગી અર્પી થવા આવી. એનું યૌવન સૂકાવવા લાગ્યું. એનું રૂપ ઝાંખુ પડયું એની લાલિમા કાળી પડી.

કોઈ કહી શકે નહિ કે એ સૌન્દર્ય મૂર્તિ હતી; એવી એની કાયા પલટાઈ ગઈ હતી. આંખો ઊંડી ઉતરી ગઈ હતી. હોઠ ફીક્કા ને પીળા પડી ગયાં હતાં. કપાળ ને ગાલ પર જાણે ઘડપણની કરચલીઓ પડી હતી. હાથ ને પગ પણ એની તાકાત ખોઈ બેઠાં હતાં એના જીવનની જાણે સાંજ ઢળતી હતી.

જિંદગીનો બોજ ખેંચતી એક દિવસ એ ભર જંગલમાં બેભાન બની ગઈ. જીવનના સુધબુધ જતી રહી. ઘડીભર મોતનો કાળો પડદો પડી ગયો!

ભયંકર જંગલ હતું. કોઈનો ય પગરવ ન હતો. ઝાડ ની એક છાયામાં વનમાળા બેહોશ પડી હતી. શિકારી જાનવરને માનવની ગંધ આવી સિંહની ગર્જનાથી વન ધ્રૂજી ઊઠ્યું વાઘની ત્રાડોથી જંગલ ચીસ પાડી ઊઠ્યું.

પણ કોને ખબર કોણ કોના નસીબનું ખાય છે?

એકાએક ઘ ર્ ર્ ર્ અવાજ થયો ઝાડ હચમચી ઊઠ્યા. નાના પંખીઓ ફફડી ઊઠ્યાં. આકાશમાંથી ભારંડ પક્ષી ઉતરી આવ્યું. અને આંખના પલકારામાં તો વનમાળાને ઉપાડી એ ઊડી ગયું...

કર્મના આ ચક્કર માનવીને ન જાણે ક્યાં ક્યાં ફેરવે છે? ગઈ કાલે તો એ મહેલમાં સોનાના પલંગમાં સૂતી'તી આજ ભાંગેલી ઈંટોનું ઓશીકું ને ધૂળની પથારી હતી!!!...

શિકારીએ શિકાર ભોંય મૂક્યો. ભારંડ પક્ષીની એ ખાસિયત છે. એ તરત શિકાર ખાતું નથી. એને એક બે દિવસ રહેવા દે છે ને પછી એને ફોલી ખાય છે. એક નચિંત જગામાં એને સુવાડીને ફરી એ ઊડી ગયું.

પાસે જ સાગરનો કીનારો હતો. છમ છમ છમ મોજાંઓનું મધુરું સંગીત ગૂંજતું હતું. ભીનો પવન હતો. નિરવ શાંતિ હતિ. પ્રકૃતિની હીળી ગોદ હતી. મોત પણ સજીવન થઇ જાય એવી કુદરત હતી.

વાતાવરણે એને બેઠી કરી વનમાળા કંઇક ભાનમાં આવી. ધીમે ધીમે એ બેઠી થઇ એની આંખ કશું સમજી શકતી ન હતી. એને કશું જ યાદ નહોતું આવતું.

સામે અફાટ સમંદર હતો એકલી નિરાધારી હતી બસ આટલો જ ખ્યાલ હતો. એ આગળ વધી. ક્યાં જવું છે એની ખબર નહતી. પણ પગ એને લઇ જતા હતા અને એ જઇ રહી હતી.

અને થોડું ચાલી એકાએક થંભી ગઈ. કોઇ અવાજ એને સંભળાતો હતો. કોઇ એને સાદ કરતું હતું. એ ઊભી રહી ને અવાજ વધુ નજદીક આવ્યો.

કોઈ અર્ધનગ્ન પુરુષ એના તરફ આવી રહ્યો હતો. એના તરફ નજર પડતાં જ એની સ્મૃતિ સજાગ બની ગઇ. આખોય ભૂતકાળ ઘડીમાં સજીવન થઇ ગયો. એક પછી એક એ ભયંકર પ્રસંગો આંખ સામે નાચી ઉઠયા.

એનું હૈયું ધ્રૂજી ઊઠયું. એનો આતમ ચીસ પાડી ઊઠયો શું આ જીંદગી? નારીના દેહની બસ આજ કીંમત! એના હાડકાંનો શું આ માટે જ ઉપયોગ! એના લોહી ને માંસ શું સદાય પુરુષોના ખોરાક જ બનવાના! ધિક છે મારી જાતને!! રે! ક્યાં મને આ સતાવી રહ્યાં છે! વનમાંય એ મારો સાથ છોડતો નથી

પેલો હવે બરાબર એની સામે ઊભો હતો.

ફુલ તો કરમાઇ ગયું હતું પાંખડીઓ બધી ખરી પડી હતી પણ ફુલનો સ્વભાવ ને! એની ફોરમ હજુ મરી નહોતી પરવારી એની સુવાસ હજુ ય અખંડ હતી.

એના યૌવનમાં હજુ ય પેલા સૌંદર્યનો ધીમો ઝગારો હતો. ને પેલો પુરુષ એને પી રહ્યો હતો એની આંખો એના સામે ચોંટી જ રહી હતી.

વહાણ ભાંગી ગયું હતું પાટીયાના આધારે એ અહીં આવ્યો હતો દિવસોની એકલતા એને સાલતી હતી.

ઘણા દિવસે એને સથવારો મળ્યો હતો તેમાં સ્ત્રીનું સાહચર્ય સાંપડયું ભૂખો જવાની વલખાં મારી રહી.

"કામિની! શા માટે દુખી થાય છે! આવ, મારી છાતીએ જકડાઇ જા..."

સત્યની સાધના સરળ નથી. આદર્શની ભક્તિ સસ્તી નથી જીવનનાં મોંઘાં મૂલ્ય ચૂકવવા પડે છે. એ માટે તો મોતને એ પણ સરતું કરવું પડે છે જીવન ગુમાવી દેવાની તૈયારી હોય એ જ એની સાધના-ભક્તિ કરી શકે.

પણ એને કંઇ જ જવાબ ન આપ્યો. જેટલી તાકાત હતી એટલી બધી જ તાકાતથી એ સાગરમાં ગઇ મોજાના એક જ સપાટે એ દૂર તણાઇ ગઇ ભરતીનો સમય હતો. દૂર દૂર એ નીકળી ગઇ.

કર્મ હસે છે ત્યારે જીવનની રોનક બદલાઈ જાય છે સમય પલટાય છે ત્યારે જિંદગી ખૂશીના ગીત ગાઇ ઊઠે છે!...

એના ક્રૂર કર્મો આજ હળવા બન્યા હતાં એના સખ્ત હોઠો પર આજ મંદ હાસ્ય હતું.

ભયંકર મોજા સાથે એ ઊછળી રહી હતી. થોડે જ દૂર એક વહાણ જઈ રહ્યું હતું કોઇની

નજરે ત્યાં ગઈ કોઈ ઝૂકી રહ્યું છે. અને તરૈયાઓ એને વહાણમાં લાવ્યા; વહાણ વિભૂષણ જઈ રહ્યું હતું.

વનમાળાની સારવાર થઈ એ શુદ્ધિમાં આવી અને ધીરે ધીરે એણે પોતાની આપવીતી કહી નાંખી સાંભળનારાઓનું હૈયું પીગળી ગયું. આંખમાં આંસુ આવી ગયાં. અને તેને મદદ કરવાં સૌ તૈયાર થઈ ગયાં

અને એ વિમલરાજાના દરબારમાં પાછી ફરી

બાર વરસે આજ એ એના પ્રિયતમની સામે ઊભી હતી આંખોને ખોલવાનું મન ન હોતું થતું અંતર ઊભરાતાં હતાં ઊર્મિઓ નાચતી હતી બન્ને એક બીજા સામે ટગર ટગર જોઈ રહ્યાં હતાં કોઈ કોઈને જાણે ઓળખાય તેમ ન હતાં છતાંય બન્ને જાણે એક બીજાને યુગોથી પરિચિત હોય તેમ જોઈ રહ્યાં હતાં.

વિમલ પણ કેવો ગયો હતો આજ એનું પહેલાનું શરીર ન હતું એ રૂપવાન ન હતો આંખોના એ તેજ ન હતાં યૌવનની એ ખુમારી ન હતી જીવનની એ ચંચળતા ન હતી

વનમાળા ગઈ ત્યારથી એની જિંદગીએ, ધબકવાનું બંધ કરી દીધું હતું એનું હાસ્ય ચાલ્યું ગયું હતું. કંઈક જગાએ એની શોધ કરી પણ ક્યાંય પત્તો ન લાગ્યો અને એક ઘેરી નિરાશા એના જીવન પર ફરી વળી હતી. છતાંય એને શ્રદ્ધા હતી, એની વનમાળા એક દિવસ એને મળશે જ.

અને આજ એ એની સામે ઊભી હતી.

પણ આજ એની આંખોમાં ઉન્માદ નથી એના અંગોમાં અત્યારે પેલી ચંચળતા નથી એને જાણે કશી અધીરાઈ નથી. પ્રિયતમને ભેટવાનો એને કોઈ આવેગ નથી.

એના વિરહે એને વૈરાગી બનાવ્યો છે એના વિયોગે એને ચિંતક બનાવ્યો છે. જીવનનું સાચું રહસ્ય એને સમજાયું છે. એ સંયમી બન્યો છે. વ્રતધારી શ્રાવક થયો છે. કર્મના ભેદોને જાણનાર એ કોઈ અભ્યાસી બન્યો છે. અને વધુ તો એને ગયા ભવની જાણ થઈ છે.

હંસીને તિલક કરી હંસને એનાથી દૂર કર્યો હતો એ પ્રેમીઓને એણે વિખૂટાં પાડ્યાં હતાં. એજ કર્મ એને એની પ્રિયતમાથી દૂર લઈ ગયું હતું. એ એ સમજી ગયો હતો.

એ ભૂલનો આજ એ પશ્ચાતાપ કરી રહ્યો હતો. એ આવે કે બંને સાથે મુક્તિના સાધના કરીએ.

એ આવી એની અભૂતપૂર્વ કથની સાંભળી. શીયળ માટે એણે જે જે સહન કર્યું એ જાણી એનું પુરુષ હૈયું તેને નમી પડ્યું.

'પ્રિયે! મેં તો નિર્ણય કર્યો છે. તું જે દિવસે મળે તે દિવસે આ સંસાર છોડી મુક્તિમાર્ગના પ્રવાસી બની જવું.''

"તો મનેય કંઈ આ સંસારમાં રસ નથી સ્વામી! હું પણ તમારી સાથે જ આવું છું જ્યાં તમે ત્યાં હું, તમારો જે નિર્ણય એ જ મારો નિર્ણય છે.

અને બન્ને દીક્ષા લઈ મુક્તિ માર્ગના પ્રવાસે નીકળી પડ્યાં.........





# વિશ્વજ્યોતિર્ધરને

લે. ગુણવંત શાહ

કાળ અને માનવનો સંગ્રામ અનાદિ ચાલતો જ આવ્યો છે. બન્ને એકબીજા પર વિજય મેળવવા મથી રહ્યા છે. અને આ કાળે સંખ્યાબંધ માનવોને એના અંધારી ગર્તામાં ફેંકી દીધાં છે. પણ માનવ કદી કાળ જેટલો ક્રૂર નથી બન્યો. કાળે હંમેશા માનવને મીટાવી દેવાના પ્રયત્ન કર્યા જ પણ માનવે કાળને અમર બનાવ્યો છે

માનવ નહોત તો એ કાળની ગણના પણ નહોત.

દિવસો તો કંઈક ઊગે છે અને કંઈક આથમી જાય છે. પણ ક્યારેક એની ક્ષિતિજ પર એક એવો સિતારો ચમકી જાય છે કે એ દિવસ ધન્ય બની જાય છે. ઇતિહાસના પૃષ્ઠ પર એ સોને મઢાઇ જાય છે.

વિક્રમની ૧૧૪૫ની સંવત હતી. કાર્તિક પૂર્ણિમાનો એ ધન્ય દિવસ હતો. ધંધુકાના ખૂણાના એક એવો નાનો સિતારો જનમ્યો કે એ દિવસ પૂજ્ય બની ગયો. એ જીવ્યો ત્યાં સુધીનો એ સમય ભવ્ય બની ગયો,

સંવત ૧૨૨૯માં કાળે એના પર વિજય મેળવ્યો. પણ એની હારમાંય એની જીત હતી. પોણી સદીના કાળ સુધીમાં એ જ્યાં જ્યાં ગયો ત્યાં ત્યાં પ્રકાશ પાથરી ગયો.

ધંધુકાની અંદર એ જનમ્યો ત્યારે તો માત્ર તેને તેના મા પાહિની અને એનો બાપ ચાચિગ જ જાણતા હતા પરંતુ જ્યારે એણે દુનિયાની અંતિમ-વિદાય લીધી ત્યારે ગગન તારલાઓએ પણ મૂંગા આંસુ સાર્યાં હતાં.

ઉપલક નજરે જોતાં તો એનું જીવન બહુ સામાન્ય અને એકાંગી લાગે છે મા એને દેવચંદ્રસૂરિને અર્પણ કરે છે. એ સંસારી મટી સાધુ બને છે. જ્ઞાનની સાધના કરે છે અને ચાંગદેવમાંથી સોમચંદ્ર બને છે. એ હેમચન્દ્રાચાર્ય બને છે. એ પણ લખે છે. સિદ્ધરાજ જયસિંહને એ વ્યાકરણ લખી એના તરફ આકર્ષે છે. કુમારપાળને આશ્રય આપે છે. એ એનો શિષ્ય બને છે. એના માટે એ યોગશાસ્ત્ર રચે છે. આમ એ ભણે છે; ભણાવે છે; લખે છે, લખાવે છે; ઉપદેશ આપે છે અને પોતાનો સમય પૂરો થાય છે ને એ ચાલ્યો જાય છે.

આચાર્ય હેમચન્દ્રાચાર્યના જીવન વિષે જો ટૂંકમાં એકાદ ફકરો લખવાનો હોય તો આટલું લખી શકાય. ઉડતી નજરે જોતાં અને સામાન્ય માનવીના આંખે એ જીવનમાં કશું જ મહત્ત્વનું નથી. સાધુ હતો તે લખ્યું અને ઉપદેશ આપ્યો એમાં વળી એણે શું મહાન કર્યું ! એમ કોઇ સામાન્ય માનવીને સવાલ સહેજે થાય.

પણ એ જે લખી ગયો. એ જે બોલી ગયો અને વધુ તો એ જે રીતે જીવી ગયો અને એથી ગુજરાતની જે અસ્મિતા જાગી એનો જે પ્રાણ પ્રેરાયો અને એની સંસ્કૃતિનું જે નવનિર્માણ થયું એના મૂલ્ય માપી શકાય તેમ નથી

કારણ ગુજરાતની અસ્મિતા માટે એણે પ્રાણ પાથરી દીધાં હતાં. મા ગુર્જરીની સંસ્કાર સમૃદ્ધિ માટે એણે જીવનની પળેપળ ખર્ચી નાંખી હતી.

એ માડીનો બાળ બનીને જનમ્યો હતો. એનો ઉછેર સાધુના વેશમાં થયો હતો. અને જ્યારે એણે આંખ મીંચી ત્યારે એ વિશ્વજ્યોતિર્ધર બન્યો હતો. ગુજરાતના માથે એનું ઋણ છે ગુર્જર ધરતી એના ઉપકારથી ભારે છે

દુનિયાના રાજકીય ઇતિહાસની સાથે, એની હરોળમાં ઊભા રહેવા માટે ગુજરાતની પાસે એવા રાજપુરુષો હતાં; આજે ય છે પણ દુનિયાના સાહિત્યની હરોળમાં ઊભા રાખવા માટે ગુજરાત પાસે જો કોઈ વ્યક્તિ હોય તો તે એક જ માત્ર છે. એનું એ સ્થાન અદ્વિતીય ને અજોડ છે કદાચ કોઈ કવિ નાનાલાલનું નામ સૂચવે. પરંતુ એની જે સર્વતોમુખી પ્રતિભા હતી એ આગળ તો બીજું કોઈ એની સામે ઊભું રહે એવું તેમ નથી. એનું એ સ્થાન અજેય છે; અમર છે.

હેમચન્દ્રાચાર્ય જનમ્યા ન હોત તો આજની આપણી આ ગુજરાતી ભાષા હોત નહિ એમ કહું તો અતિશયોક્તિ નહિ જ ગણાય આપણા નવલિકા સમ્રાટ શ્રી ધૂમકેતુએ આ માટે એમને યોગ્ય જ ન્યાય આપ્યો છે "......એમણે જે ભાષા આપી, એમણે જે રીતે લોકોને બોલતા કર્યા, એમણે જે સાહિત્ય આપ્યું એ સઘળું આજના ગુજરાતની નસમાં હજી વહી રહ્યું છે અને એટલે એ મહાન ગુજરાતી તરીકે ઇતિહાસમાં પ્રસિદ્ધ પામવા યોગ્ય પુરુષ છે......હેમચન્દ્રાચાર્ય વિના ગુજરાતી ભાષાનો ઇતિહાસ અપૂર્ણ અને અકિંચન લાગે......"

એકવીસ વરસની ઉંમરે એ આચાર્ય બને છે. આ એક વીસીમાં તો એ ખૂબ ખૂબ અભ્યાસ કરી લે છે ત્યાર પછીની જિંદગીમાં જોવા મળતી આભાના ના એ બીજ આ વીસીમાં એ ઊંડા ઊંડા વાવી દે છે.

અને આચાર્યની ઉઘડતી આંખે એ એની પહેલી જ નજરમાં મા શારદાની એ કંગાલિયત જુવે છે. એનો ગરીબ દેહ જોઈ એનું હૈયું અજંપો અનુભવે છે.

અને એકવીસ વરસનો એ તરુણ એની માની ગરીબાઈ મીટાવવા તૈયાર થાય છે.

ચૌલુક્ય વંશની યશગાથા ગાતો એ "દ્વયાશ્રય" કાવ્ય લખે છે. ટૂંકી વાર્તાઓ લખે છે. પણ માત્ર કલ્પનામાં જ ઉડતો એ કવિ બની બેસી નથી રહેતો.

એની મા સરસ્વતી પાસે આ નથી. તે નથી એમ કોઈ કહે નહિ પણ એના પાસે બધું જ છે. એની પાસે કશાની ખોટ નથી એની સંસ્કાર સમૃદ્ધિ માને જોવા છે

અને એ સંસ્કાર સમૃદ્ધિ એની માને ચરણે ધરી દેવા એ એનું આખુંય જીવન નીચોવી નાખે છે.

આજના વિકસેલા વિજ્ઞાન યુગની સરખામણીમાં એણે કરેલું પ્રદાન કદાચ વામણું લાગશે એમાં અધૂરપ પણ જણાશે. કશું એવું ભવ્ય અને મહાન બળ એમાં ન પણ દેખાય. પરંતુ એણે જે યુગમાં એ બધું કર્યું છે એ યુગને જો જાણીએ અને પછી એની તુલના કરીએ તો સહેજ કહેવાઈ જાય કે એણે જે વૈવિધ્ય સભર ને વિરોધાભાસી સર્જન એકલા હાથે કર્યું છે અને વિપુલ પ્રમાણમાં કર્યું છે એ તો મગ એક હેમચન્દ્રાચાર્ય જ કરી શકે.

શાસ્ત્રસર્જનનો એ યુગ હતો વ્યાકરણની ઝીણી માથાકૂટનો એ સમય હતો. પશ્ચિમનો તો કોઈ અંશ પણ ન હતો. સાહિત્યની વ્યાખ્યા ત્યારે બહુ સંક્ષિપ્ત હતી. એના ક્ષેત્રો પણ ત્યારે એટલા જ સંકુલ હતા. અને ગુજરાતને અભાવ ઘણું ઘણું પજવતું.

એને એ માટે કોઈ દોરનાર નહતું એના અગાઉ એવો કોઈ પગથી પણ પાડી નહોતો ગયો. દિશાઓ બધી જ અજ્ઞાત હતી સાધનોનો પણ અભાવ હતો. તેજથી ઝળહળતા ત્યારે વીજળીના ગોળાઓ

ન હતા. આ બધી તો જાણે બાહ્ય મર્યાદાઓ હતી જ.

પણ એને એની પોતાની પણ એક દુનિયા હતી. એના એને બંધન હતાં એની મર્યાદાઓ હતી.

એ સાધુ હતોઃ આચાર્ય હતો :

અને આ બધી પરિસ્થિતિઓ પાર કરી એણે જે સર્જના કરી છે તેમાં જ એની ખરેખરી પ્રતિભા ને ભવ્યતા જણાઇ આવે છે.

એણે માળવીઓને પડકારતું તે સમયની ગુજરાતીનું વ્યાકરણ આપ્યું છે. ગુજરાતીના અભ્યાસીઓને એના ઊંડા અધ્યયન માટે એ વ્યાકરણના પાનાં આજ પણ ખોલવાં પડે છે.

**એના સર્જનના આ ગ્રંથો :—** અભિધાન ચિંતામણી, દેશીનામમાળા, સિદ્ધહેમ શબ્દાનુશાસન, ત્રિશષ્ટિશલાકા પુરુષ ચરિત્ર પર્વ ૧૦, દ્વયાશ્રય, યોગશાસ્ત્ર અને સિદ્ધહેમ લઘુ તેમજ બૃહદવૃત્તિ–એની પ્રતિભા, વિષય માટેની ઝીણવટ અને વિષયને યોગ્ય એવો ગંભીર સંયમ બતાવી જાય છે.

એક બાજુ એ યોગની વાતો કરે છે તો બીજી જ બાજુએ શૃંગારની વાતો લખે છે ઉર્મિઓના ગીત ગાય છે. પ્રેમની ભાષા બોલે છે. જવાન હૈયાંના સ્પંદન એ ઝીલે છે.

એક તરફ એ શાંતિની વાતો લખે છે. તો એની સામે જ એ વીરતની ગાથા ગાય છે.

મહાપુરુષોનું ચરિત્ર ચિત્રણ કરે છે. પણ એ સામાન્ય માનવીનેય ભૂલતો નથી. એની આડકથામાં અનેક વાતો રોજીંદા જીવનની કહી જાય છે.

એક યોગીની કલમે સંયમ ને શૃંગાર, વીર ને વિનોદ, સમન્વય ને અનેકાંતવાદ, શાંત ને સંઘર્ષ વગેરે પરસ્પર વિરોધી ભાવોનો જે ન્યાયપૂર્ણ ને ઉચ્ચતમ સમન્વય થયો છે એ એની મહત્તાનું ઉન્નત શિખર છે.

કલમ પર એનો જે કાબૂ હતો–જે સંયમ હતો, ખરેખર એ સંયમ એને વધુ ને વધુ મહાન બનાવે છે.

એક માનવ તરીકે એ આદરણીય હતો. સાધુ તરીકે એ ભવ્ય હતા. સાહિત્યકાર તરીકે એ મહાન હતા. પણ એક સંસ્કાર મૂર્તિ તરીકે એ વિભૂતિ હતાઃ "જ્યોતિર્ધર" હતા.

સંસ્કારમૂર્તિ તરીકે એનું નામ ગુજરાતના ઇતિહાસમાં મોખરે રહેશે.

ધર્મ એના પ્રાણ હતો. શારદા એની આરાધના હતી. ગુજરાત એની પ્રેરણા હતી. એના ભાઇબેનોને સંસ્કાર ને સંસ્કૃતિનો વારસો મળે એ એની મહત્વકાંક્ષા હતી. એના જીવનનું એ ચાલક બળ હતું.

અને એણે ગુજરાતને અનેક રીતે ઘડયું છે. ગુજરાતીઓને એણે સુંદર રીતે બોલતા કર્યા છે. એમની અસ્મિતાને જગાડી એમનામાં મહાપ્રાણ પૂર્યા છે.

રણમૂર્તિ સિદ્ધરાજ જયસિંહને એણે ગૌરવ અપાવ્યું છે. ધર્મના સાંકડા વર્તુળોને એણે દૂર કર્યાં છે. વિતરાગનો એ શિષ્ય છે. છતાંય એણે શિવની સ્તુતિ પણ કરી છે.

અને અશોકના યુગ પછી ફરીથી એણે રાજગાદી પર અહિંસાની સ્થાપના કરી છે. શાસ્ત્રની લૂખ્ખી ચર્ચાઓ છોડીને એણે ધબકતા જીવનમાં રસ લીધો છે.

સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળ આ બને સોલંકી યુગના કોહીનૂર હતા. અને આ બન્ને નરરત્નોના, એક સોના જેમ ઘાટ ઘડે તેમ તેમને ઘાટ આપીને તેજસ્વી ને ઝળકતાં કર્યાં છે.

ગુજરાતના ઘણા ગામોમાં એણે પદયાત્રા કરી છે અને જગાએ એણે એની સંસ્કાર ધારા વહાવી છે. અને એણે આપ્યું તો છે જ પણ લીધું ય એવું બીજામાંથી વધુ છે.

ગુર્જર હૈયામાંથી જ્યાં જ્યાં એણે ધબકતો પ્રાણ સાંભળ્યો છે ત્યાં ત્યાંથી એણે એમના એ ભાવોનો સંગ્રહ કર્યો છે. એ અનુભૂતિઓને એણે પોતાની બનાવી છે. અને જનતાના દુઃખ ને દર્દ,

ઉમંગ ને ઉલ્લાસ, આશા અને નિરાશ; પ્રેમ ને ધિક્કાર, રાગ ને વિરાગ, સંઘર્ષ ને શાંતિ,—આ બધું જ એણે શબ્દોમાં કંડોરી મા ગુર્જરીના ચરણે ધરી દીધું છે

એના જેવી વિદ્વત્તા કે પાંડિત્ય બીજામાં કદાચ મળી આવશે. એના જેવી પ્રતિભા પણ કદાચ શોધી જડશે. પરંતુ એનું જે પોતાની આયુષ્ય ભોગથી અવિરત કામ કરતા રહી જીવનની દરેક પળને ઉપયોગમાં લઈ જે શ્રમ કર્યો છે એથી એણે જે સર્જના કરી છે એ તો અદ્વિતીય છે અજોડ છે. એ ઉદ્યોગ પરાયણતા તો બીજામાં જોવા નહિ મળે.

સાહિત્યની સાધનામાં એણે એનું અસ્તિત્વ ભુલાવી દીધું છે. બહુધૂની બનીને એણે મા શારદાની ભક્તિ કરી છે અખંડ જાગૃત રહીને એણે મા ગુર્જરીનું ઋણ અદા કર્યું છે.

એનું જીવન તો એક મહા ગ્રંથ છે એનું ગમે તે પાનું તમે ઉઘાડો તમને એના સામે કહેવાનું એક પણ કારણ નહિ મળે. એનું ચારિત્ર્ય નિષ્કલંક છે. એનું આખું ય જીવન સંયમી અને પવિત્ર છે.

એના રૂપસુંદરીઓના શૃંગાર ભરપૂર વર્ણનો, એમના અંગોનું કલાત્મક ચિત્રણ એ વાંચતાં સ્વાભાવિક સવાલ થાય છે કે આ યોગી છે કે ભોગી!

રાજનીતિનાં એના પ્રસંગો એ અંગેના એના વચનો એ જાણતાં પણ પૂછવાનું મન થાય છે કે એ સાધુ છે કે કોઇ સચીવ?

કુમારપાળને સંસારની સમજ આપે છે ત્યારે પણ પ્રશ્ન જાગે છે કે આ તે કોઇ આચાર્ય છે કે વ્યવહારદક્ષ પુરુષ?

એ બધુ જ છે. એ સમર્થ સાહિત્યકાર છે, એ રાજનીતિજ્ઞ પુરુષ છે. જમાનાનો ખાંટલ વ્યવહારુ પુરુષ પણ છે પણ એ આ કષાયનો કીડો નથી. એ એનું જીવન કાર્ય પણ નથી.

રાજકારણમાં એ સલાહ આપે છે એ તો એના ગંદવાડને દૂર કરવા માટે. એ શૃંગારનું વર્ણન જરૂર કરે છે. પણ શરીર નશ્વર છે, એનો રાગ કે મોહ અંધિયો છે એ સમજાવવા માટે. વ્યવહારનું ડહાપણ એ એટલા માટે કરે છે કે સંસાર છોડી સાધુ ન બની શકાય તો કંઇ નહિ પણ સંયમી તો બનાય.

આમ એના આખાય જીવનમાં દ્વંદ્વની એકસૂત્રતા દેખાય છે. આથી તો પૂજ્ય મુનિશ્રી પુણ્યવિજયજી એને "સ્યાદ્ વિદ્યામૂર્તિ" કહે છે.

ગુજરાતના નવલકથાકાર ક. મ. મુનશી એમને અંજલિ આપતાં લખે છે "ગુજરાતીઓમાં અસ્મિતા આણી. ગુજરાત પણ કંઇક છે. કંઇક શું ગુજરાત એક અને અદ્વિતીય છે, એવી અહંકારિતા નહિ પણ સમજણ પૂર્વકની ઉદાત્તવૃત્તિ ગુજરાતિઓને આપનાર પહેલાં મહાન ગુજરાતી હેમચંદ્રાચાર્ય હમેશાં યાદ રહેશે......"

ગુજરાતનો એ પહેલો "મહાન ગુજરાતી" છે

કાવ્ય, તત્ત્વ, ઇતિહાસ, વ્યાકરણ, ચરિત્રગ્રંથો આપ્યાનો વગેરેની સર્જના કરનાર એ સમર્થ "સાહિત્યકાર" છે.

સિદ્ધરાજ અને કુમારપાળ, ગુજરાતના સાહિત્ય ને સમાજ પર ચિરંતન સંસ્કાર મૂકનાર એ "સંસ્કાર મૂર્તિ" છે.

સનાતન એ સંઘર્ષ તત્ત્વનો પોતાના જીવન અને કવનમાં સમન્વય કરનાર એ "જીવન કલાધર" છે.

અને આ બધાનો સરવાળો એક જ શબ્દમાં મૂકીએ તો કહી શકાય કે એ "વિશ્વ જ્યોતિર્ધર" છે.



## પ્રાસંગિક

### તંત્રી નોંધ

"બુદ્ધિપ્રભા"ના બીજા વરસનો પ્રથમ અંક બહાર પડે છે; ત્યારે તો ધાર્મિક ટ્રસ્ટ બીલ અંગેની પ્રવર સમિતિની સભા ભરાઇ ગઇ હશે. આ ટ્રસ્ટ બીલની વિગતો ખૂબ જ ચર્ચાઇ ગઇ છે. અને એ ચર્ચાઓ સ્પષ્ટ બતાવે છે કે ધાર્મિક સ્વાતંત્ર્ય પર સરકારની એ સીધી તરાપ છે કમીશ્નરને જે અમર્યાદ સત્તાઓ એ અંગે આપી છે તે ભારતમાં બીજો પોપ લાવવાની આગાહી છે. સમજમાં નથી ઉતરતું કે સરકાર ધર્મમાં દખલ કરીને આપણા રાષ્ટ્રને ક્યાં લઇ જવા માગે છે! અને આમ કરી સરકાર કઇ દિનતથી એમ કહે છે કે ભારતનું બંધારણ બિનસાંપ્રદાયિકતાનો સ્વીકાર કરે છે? યહૂદીઓ, મુસલમાનો, શીખોને આ બીલમાંથી બાકાત રાખ્યા છે. આવું સાવકું વલણ શા માટે? અને અત્યારે શુ ભારતની હાલત એટલી સંગીન છે કે સરકાર નવું કકળાટનું ઘર આ શરૂ કરે છે? ચારે તરફથી જ્યારે ભારત સળગી રહ્યું છે ત્યારે સરકાર આમ શા માટે ધર્મને આગ લગાડે છે? આ બીલથી ધર્મ રુંધાવાનો છે. ભગવાન પ્રત્યેની ભક્તિ જોખમાવાની છે અનેક પ્રકારના સંઘર્ષો એથી ઊભા થશે જેથી ભારતની શાંતિ ભયમાં મુકાશે ધર્મના આચાર્યો આગેવાનો આ બીલને બિલકુલ ચલાવી નહિ લે એનું અંતર આ સામે ભભૂકી જ ઊઠશે અને દેવાની ઊંડી લાગણી પર ઘા કરી સરકાર પોતાના જ હાથે રાષ્ટ્રના સુખ ને શાંતિને આગ ચાંપી રહી છે. સરકારે આ બીલ લાવીને પોતે જ પ્રજાનું અભિવાદન માંગી લીધું છે આ સામે જે પ્રચંડ વિરોધ ઊઠી રહ્યો છે. એ જાગૃતિનું નિશાન છે. અને આ બીલનો અમે સખત વિરોધ કરીએ છીએ અમે સરકારને સ્પષ્ટ જણાવીએ છીએ કે અમારા મૂળભૂત હક્કો તમે આથી છીનવી રહ્યા છો. અમને અમારો ધર્મ અમારી રીતે પાળવાનો અધિકાર છે. એ અધિકારનો તમે આ બીલથી ભંગ કરી રહ્યા છો. સરકાર આ બીલને સત્વરે પાછું ખેંચી લે. નહિ તો ધર્મની ઘવાયેલી લાગણી તમને શાંતિથી નહિ બેસવા દે અમને અમારો ધર્મ પાળવાનો જન્મ સિદ્ધ હક્ક છે અને એ અમે મેળવીને જ જંપીશું.


★ શુભ સંદેશ ★

માંગલિક શુભ પ્રસંગે પ્રભાવના કરવા લાયક તેમજ પૂ. મુનિ મ.સાહેબને તથા ભાઈ બહેનોને પ્રવાસમાં દર્શન કરવા માટે ખાસ ઉપયોગી—

પૂ. શ્રીમદ્ બુદ્ધિસાગરજી મ. સાહેબ
પૂ. શ્રીમદ્ વિજયસિદ્ધિસૂરીજી મ. સાહેબ
તેમજ
શ્રી સિદ્ધચક્રજી, શ્રી આદીશ્વરજી, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીના સુંદર આકર્ષક બોક્સમાં તેમજ પ્લાસ્ટીકની ડબીઓમાં ફોટાઓ ફીટ કરેલ છે

બોક્સ એક્ની કિંમત રૂા. ૩-૦૦ પોસ્ટેજ અલગ
પ્લાસ્ટીકની ડબી એક રૂા ૧-૫૦ પોસ્ટેજ અલગ

બનાવનાર:— બાબુભાઈ બી. મહેતા
દાણાપીઠ નં. ૨, પાંજરાપોળ, રાજકોટ (સૌરાષ્ટ્ર)

# અવિકારી આત્મા

લે. આ. મ. કીર્તિસાગરસૂરીશ્વરજી

વકીલોની દલીલબાજીથી ગુનેગારો નિર્દોષ છૂટી જાય છે. અધિકારીઓને લાંચ આપવાથી ગુનામાંથી એવા છટકી જાય છે. પણ કર્મની અદાલત એવી છે કે ત્યાં ચાલાકી કામ આવતી નથી. લાગવગ કોઈની પણ ત્યાં ચાલતી નથી. જેટલી આસક્તિથી ભોગ વિલાસ કર્યા હોય અને ખૂબ મ્હાલ્યાં હોય તેવા જ વિપાકો તમારે અવશ્ય ભોગવવા પડે છે.

એવા જો ગુનેગાર ન બનવુ હોય, એ દુઃખો ને દર્દો, સંકટો ને કષ્ટો સહન ન કરવા હોય તો શુભ કાર્ય કરો. પવિત્ર બનો આ પવિત્રતા જ વિકારોને દૂર કરવા સમર્થ છે. અવિકારી આત્માનો એ ઝળહળંત પ્રકાશ છે. સૂર્ય આગળ અંધારું ક્યાં સુધી ટકે? એના જળહળતા પ્રકાશ આગળ વિકારનો અંધકાર જણાતો નથી. એની શક્તિ આગળ મિથ્યાત્વ અવિરતિ વગેરે પાછા હઠે છે. અને ધીમે ધીમે ખસતાં ખસતાં સમૂળા નાશ પામે છે. અને કેવળ જ્ઞાન થાય છે. જ્ઞાનનો સહસ્રરશ્મિ પછી નિરંતર પ્રકાશે છે.

એમ થાય છે એટલે કોઈ દોષ રહેતો નથી. કોઈ વિકાર આ જીવને સતાવતો નથી. પછી ખરાબ વિચારો તો આવે જ ક્યાંથી! શુક્લ ધ્યાનમાં જીવ હોવાથી એ આત્માના ગુણોમાં રમે છે ને અપૂર્વ મોજ માણે છે.

આવા અવિકારી આત્માનો આનંદ માણવા માટે પ્રથમ પવિત્ર બનવું જરૂરી છે. મનને પવિત્ર કરવું એ અનિવાર્ય છે. કારણ યોગ્ય પાત્રમાં જ ઊંચી વસ્તુ સમાઈ શકે છે. સિંહણનું દૂધ સોનાના વાસણમાં જ ટકે છે આત્માના ગુણો પણ પવિત્ર દેહમાં જ ટકી શકે છે ત્યાં જ એ રહી શકે છે.

આથી આત્મિક ગુણો ભરવા તમારા હૈયાને પવિત્ર ને નિર્મળ બનાવો. વિષય કષાયમાં રમતા મનને ત્યાંથી ખસેડી લો. ખરાબ વિચારો કરવા મૂકી દો. કારણ દુનિયાના ભૌતિક સુખ માટે તમે ગમે તેટલા વિચારો કરો પણ સરવાળે એના પર અંધારું જ છવાવાનું છે.

અને અત્યારે અજવાળાની જરૂર છે. આત્મિક પ્રકાશની આજ ખાસ અગત્યતા છે. એ માટે અહંતા-મમતાનો ત્યાગ કરો. મન-વચન અને કાયાથી આત્માનું ચિંતન કરો. ન્યાય ને નીતિથી જીવન જીવો. પવિત્ર રહો મનને નિર્મળ રાખો. નિષ્કામ ભાવે શુભ કર્મ કરો પછી આ દુનિયાના ભૌતિક સુખમાં તમને મન નહિ રહે. દરેક પ્રાણી માત્ર પર મૈત્રી ભાવ રાખો. અને ખરેખરા શત્રુઓ તો તમારા મનના મેલા વિચારો જ છે. ખરાબ ખ્યાલો જ છે. ખોટી કલ્પનાઓ જ છે સમ્યક્ જ્ઞાન મેળવો અને એ અપવિત્ર વિચારો દૂર કરો.

સ્વાર્થ માટે દોસ્તો દુશ્મન બને છે. દુશ્મન હોય છે, તે દોસ્ત બને છે. આમ મનના વિકારે અવળી બાજી ખેલાવે છે. અને એ તમારા ખરા શત્રુઓ છે. તેને તમે નાબૂદ કરો કારણ એજ તમને ભટકાવે છે. સંસાર વધારે છે.

એક વખત એ નિષ્ફળ થઈ ગયા એટલે કર્મનું જોર ચાલતું નથી. એનો ઉદય અટકી જાય છે. અને એની કોઈ સત્તા ચાલતી નથી.

અધિકારીની સત્તા મર્યાદિત છે, કર્મની સત્તા ઘણી છે; પણ પણ આ અવિકારી આત્માની શક્તિ તો અનંત છે, અમાપ છે અખૂટ છે આથી એવી શક્તિ પ્રાપ્ત કરવા તમારા આત્માને અ-વિચારી અવિકારી બનાવો એ માટે શુભ ચિંતન કરો શુભ ધ્યાન ધરો તમને એથી શક્તિ મળશે એ ચોક્કસ છે.

——x——

# પ્રાર્થના.....

લે. સા. મ. શ્રી શ્રી ખાંતિશ્રીજી

(વરસની છેલ્લી રાત વિદાય લઈ રહી છે. નૂતન વરસનો સોનેરી દિન એના લયબધ્ધ પગલાં ભરી રહ્યો છે. અને ક્ષિતિજના કાંઠે એનું તેજ સ્વરૂપ મુખ દેખાય છે ગુરૂ શિષ્ય ઉપાશ્રયની ગેલેરીમા ઊભા ઊભા આ વિદાયને આગમન જોઈ રહ્યાં છે. અને શિષ્યને સવાલ થાય છે ......

શિષ્યઃ– ગુરૂદેવ! જુઓ તો ખરા! આ સામે હજારો સૂર્યથી પણ અધિક એવું દિવ્ય તેજ આપણી સામે આવી રહ્યું છે! ઘડીકમાં એ ઝળહળે છે અને ઘડીકમાં એ ઝાંખુ થાય છે. જુઓ, જુઓ ફરી પાછો ઝગમગાટ થાય અને થોડીવારમાં તો એ અવકાશમા મળી જાય છે!

ગુરુદેવઃ– બેટા! એ તો ચરમ તિર્થંકર શ્રી વીરપરમાત્મા મોક્ષે પધર્યા તેમનું નિર્વાણ કલ્યાણક છે. અને એ ઝગહળતી જ્યોત શ્રી વીર પ્રભુની જ છે.

શિષ્યઃ– ગુરુદેવ! એ પ્રકાશ ઘડીકમાં તેજ ઝરતો અને ઘડીકમાં આછો ઝાંખો કેમ દેખાય છે!

ગુરુદેવઃ– બેટા! શ્રી વીરપ્રભુ તેજના ભંડાર હતા. જ્યોતિ સ્વરૂપ હતા એ પોતે જ્યારે દુનિયાના બિરાજમાન હતા ત્યારે જગત જ્યોતિર્મય હતું આજે એ પ્રભુ દુનયાના પટ પર સ્વસ્વરૂપે નથી તો પણ તેમનું અનોખુ તેજ હરતી ધરાવી રહ્યું છે. છતાં એ દિવ્ય તેજ સત્ય સ્વરૂપ હોવાથી છુપાતું લપાતું આપણી પાસે આવી રહ્યું છે અને શ્રી વીર પરમાત્મા મોક્ષે પધાર્યા એની એ યાદ તાજી કરાવે છે એ પોતે પરમાત્માના અંશરૂપ હોવાથી આપણને તેમના પવિત્ર પગલે ચાલવા પ્રેરણા કરી રહ્યુ છે પણ આપણે તો કાળ રાહુના પંજામાં એવા ફસાયા છીએ કે એ સુંદર તેજ મંડળને આપણે આવકારી શકતા જ નથી અને એ તેજ પણ પોતાની ફરજ પૂરી કરી છાનુ માનું પોતાના સ્થાનકે ચાલ્યું જાય છે. આવી રીતે દર વરસે બને છે પણ આપણને ભાન આવતી જ નથી અને એ તેજ મંડળના નાયક શ્રી વીર પરમાત્માના સત્ય પગથે આપણે પ્રયાણ પણ કરતા નથી. ખરેખર! એ ઘણું જ દુઃખદ છે.

શિષ્યઃ– ગુરુદેવ! એમ કેમ!

ગુરુદેવઃ– બેટા! એ વાત તો જરા લાંબી છે. પણ તારી જિજ્ઞાસા છે તો તને ટૂંકમાં જણાવી દઉં. સાંભળ! શ્રી વીર પરમાત્મા પોતે તો વીતરાગ છે પોતે દિવ્ય જીવન જીવી આત્માની અનંત શક્તિનો એ પરચો જગતને બતાવી ગયા છે એમના જવાથી જગત નિર્નાયક બન્યું. એના ઉપર કાળ રાહુએ એવો જોરદાર પંજો પાડયો કે પંચમકાળ વાસી એવા આપણે નિર્માલ્ય બની ગયા નિર્નાયક અને નિર્માલ્ય એવા આપણે મારા તારામા ડૂબી ગયા. એક કહે મારો મત સાચો! બીજો કહે મારો સમુદાય સાચો! એ કહે મારો ગચ્છ બનાબર! તે કહે નહિ, મારો ગચ્છ બરાબર!! એમ આપણે સૌ બાહ્ય સત્યતાને સાબીત કરવામાં પડયા છીએ કોઈને પણ જડતા અહંતા મમત્વ વ. દૂર કરવું નથી. અને દેવ તો વીતરાગ છે. એ આવી ભાંજગડો ક્યાંથી પડે! પણ ગુરુ જો સત્યનિષ્ઠ હોય તો આપણને દોરી શકે. પણ એવા

ગુરુ હાલ છે જ ક્યાં ? હું શોધું છું તોય મળતા નથી. જ્યારે એવા સુગુરૂ મળી જશે ત્યારે જ આપણા નિર્નાયક પણાનો અંત આવશે અને ત્યારે જ નિર્બળ એવા આપણે સબળ બનીશું.

શિષ્યઃ- હે ગુરુદેવ ! ત્યારે આપણે શાસનદેવને પ્રાર્થના કરીએ અને તેમની આરાધના કરીએ તો શું એ સાચો માર્ગ ન બતાવે !

ગુરુદેવઃ- બતાવે તો ખરા પણ એય અત્યારે જગતના દ્વંદ જોઈને દ્વિધામાં પડી ગયા છીએ. આપણે બધા રોજ પ્રાર્થના કરીએ છીએ કે હે શાસન દેવ ! અમને બચાવો ! અમારો પકડેલો પંથ સાચો છે એમ જગતને બતાવો ! આ પ્રાર્થના સાંભળીને શાસન દેવ કોને ન્યાય આપવો એની વિમાસણમાં પડી ગયાં છે

શિષ્યઃ- ગુરુદેવ ! મને તો ચોક્કસ ખાત્રી છે કે શાસન દેવ આપણા દરેકની પ્રાર્થના સાંભળશે જ. અને હું તો એ જોઈ રહ્યો છું કે એ યુગપ્રધાન આચાર્યની શોધ જ કરી રહ્યા છે જો એવા કોઈ સમર્થ ગુરુદેવ આપણને મળી જાય તો આ બધા જ મારા તારા ઝઘડાના અંત આવશે. શાસનદેવ એ ખોટ પૂરી કરશે જ એવી મને પૂર્ણ શ્રદ્ધા છે

ગુરુદેવઃ- એ વાત સાચી છે પણ આપણે એટલા કમનસીબ છીએ કે આ વસુંધરાની અંદર ઘણા રત્નો છુપાયેલાં છે પણ એ બહાર નીકળતાં જ નથી. જ્યારે કાળને ભેદવાની શક્તિ શાસન દેવ દ્વારા મેળવી બહાર નીકળીને એ પડકાર કરશે ત્યારે આપણા મતમતાંતરોના પળવારમાં ભૂક્કા ઊડી જશે

શિષ્યઃ- ગુરુદેવ ! તો તો આપણે શાસનદેવને ત્રિવિધે સકલ આગમના સારભૂત શ્રી નવકાર મંત્રનું સદાય સ્મરણ કરીએ અને શાસનદેવનો શુભ સહાય ક્યારે પ્રાપ્ત થાય એની પ્રતીક્ષા કરીએ.

ગુરુદેવઃ- હા ! એમ જ. હમણાં હમણાં શાંતિ સ્નાત્રો શ્રી સિધ્ધચક્રજી ના મહાપૂજનો, અને નવકાર મંત્રના જાપોનો પ્રચાર ખૂબ જોરમાં છે અને એ પવિત્ર પુણ્યનાદ જરૂર શાસનદેવના કાન સુધી પહોંચશે. બેટા ! આજ આપણે પ્રાર્થના કરીએ કે હે વીરપ્રભુ ! આપ તો મુક્તિનગરમાં બિરાજીને ચિરસ્થાયી રહ્યા છો અને અમે તો દુઃષમ કાલમાં સબળી રહ્યા છીએ આપની સમક્ષ અમારા જીવનની કથની કહેવી એ પિતા આગળ પુત્રની વાત કરવા બરાબર છે પરંતુ અમે શાસનદેવને જરૂર વિનવશું કે નૂતન વરસના મંગળ પ્રભાતે અમને એવું બળ આપજો કે આપના અંતિમ સંદેશાને વફાદાર રહી અમારી અંતરંગ ખટપટોને તોડવા શક્તિમાન બનાએ ! હૃદયકાને શ્રદ્ધાંજલિ આપવા કટિબધ્ધ થઈએ ! અને દીવ માળિકાના દિવ્ય તેજમાં ભાવિ યુગ પ્રધાન ગુરુદેવને નિહાળવા જલદી ભાગ્યશાળી થઈએ એ શાસનદેવ ! જાગો ! જાગો ! અમારી દશા જુઓ ! અને અમારું ભાગ્ય સુધારવાના રાહ બતાવો !

બેટા ! ચાલો ! નૂતન વરસના આ સોનેરી પ્રભાતથી જ શુભ કાર્યનો પ્રારંભ કરીએ. આજ ! બેટા ! આપણે આપણી સાચી આરાધના કરીએ. શાસનદેવ જરૂર સહાય કરશે.

શાસનદેવ ! વંદન વાર હજાર તમોને !............

.........X.........

# શાસન સમાચાર

## ખંભાત

કપડવંજથી વિહાર કરીને પૂજ્ય મુનિશ્રી દુર્લભસાગરજી તેમજ બુદ્ધિપ્રભાના પ્રેરક શ્રી ત્રૈલોક્ય સાગરજી મ સા ખંભાત પધાર્યા છે

માણેકચોક વીશા ઓસવાળ જૈન તપાગચ્છ ઉપાશ્રયમાં બિરાજમાન મુનિશ્રી સુરેન્દ્રસાગરજી મ. સા. નું ચોમાસું દંતારવાડામાં શ્રી શાંતિલાલ જેઠાલાલ શાહને ત્યાં કરાવવામાં આવ્યું હતું નવા ઉપાશ્રયનું બાંધકામ હજુ બાકી છે. લગભગ બાર હજારનું કામ છે. આ રકમને પહોંચી વળવા ખંભાત નિવાસી મુંબઇ અમદાવાદ અને બીજે રહેતા ભાઇબેનોને તેમાં યથાયોગ્ય દાન કરવા વિનંતી છે

પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રી જંબૂસૂરીશ્વરજી મ. સા. આદિ શ્રમણ ભગવંતોનું ચાતુર્માસ શ્રી છગનલાલ કસ્તૂરચંદને ત્યાં બદલાવવામાં આવેલ પૂજ્ય આચાર્યશ્રીની નિશ્રામાં ખંભાતના જિનાલયોની એક ચૈત્ય પરિપાટી થવા પામેલ આ ચૈત્ય પરિપાટી જોધપુર જિલ્લાના જેતારણ નિવાસી શ્રી શાહ શેઠ તેજરાજજી લક્ષ્મીચંદજી તરફથી થયેલ હાલ તેઓ મદ્રાસમાં રહે છે.

કાર્તક વદ એકમના રોજ શનિવારે અત્રેથી શંખેશ્વર ઉપરિયાળાજી આદિની જાત્રાએ બે સ્પેશીયલ બસો લગભગ નેવું યાત્રાળુઓને લઇને ગઇ હતી. આ પ્રવાસનું સંચાલન શ્રી ચીમનલાલ અંબાલાલ ચોકસી અને આપણા બુદ્ધિપ્રભાના જુવાન તંત્રી શ્રી ભદ્રીકલાલ જીવાભાઇ કાપડીયાએ કર્યું હતું. અમદાવાદ મુકામે શ્રી કેશવલાલ વકીલ અને શ્રી મણીલાલ ઝવેરીએ યાત્રાળુઓનું સુંદર સ્વાગત કર્યું હતું.

## કોલ્હાપુર

અત્રે સુશ્રાવક શેઠ મણીલાલ ભીખાભાઈ તથા શેઠ મણીલાલ દેવસીભાઇ તરફથી વર્ધમાન આયંબીલ તપની શરૂઆત થવા પામેલ છે શ્રી નગીનદાસ મંછારામ તરફથી આયંબીલની આસો માસની ઓળી કરાવવામાં આવી હતી. આસો સુદ ૧૩ ૧૫ ને એકમના અનુક્રમે શ્રી ચંપકલાલ ગોપાળજી, શ્રી નગીનદાસ મંછારામ શ્રી બકુલાલ ભાયચંદ તરફથી પૂજાને પ્રભાવના થઈ હતી.

## મુંબઈ

એજ્યુકેશન બોર્ડની શ્રી પ્રફુલચંદ્ર અમલચંદ્ર મોદી પુરુષવર્ગ અને શ્રી કાન્તાબેન અમલચંદ્ર મોદી સ્ત્રી વર્ગ ધાર્મિક હરીફાઇની આગામી ઇનામી પરીક્ષાઓ રવિવાર તા. ૧ જાન્યુઆરી ૧૯૬૧ ના રોજ બપોરના સાડા ૧ થી ૪ સુધીમાં સર્વ કેન્દ્રોમાં લેવામાં આવશે.

પરીક્ષાઓ આપવા માટેના ફોર્મ મોડામાં મોડા તા, ૩૦ મી નવેમ્બર ૧૯૬૦ સુધીમાં બોર્ડના કાર્યાલયમાં સ્વીકારાશે. ધાર્મિક પરીક્ષાના અભ્યાસક્રમ અને પ્રવેશ પત્ર (ફોર્મ) માટે તેર નયા પૈસાની ટપાલ ટિકટ મોકલવી,

## પુસ્તકો અંગે સૂચના

બોર્ડના ઉપરોક્ત ધાર્મિક પરીક્ષાના અભ્યાસક્રમમાંથી નીચે જણાવેલ પુસ્તકો કમી કરવામાં આવેલ છે.

બાલ ધોરણ ૧ અને કન્યા ધોરણ ૧ "ઋષભદેવ" પુરુષધોરણ ૪ "ભગવાન મહાવીરનો દશ ઉપાસકો" પુરુષ અને સ્ત્રી ધોરણ ૫: "ન્યાયાવતાર" પુરુષ ધોરણ ૬ અને સ્ત્રી ધોરણ ૭: "સમી સાંજનો ઉપદેશ" અને "શ્રી મહાવીર સ્વામીનો આચાર ધર્મ" સ્ત્રી ધોરણ ૬: "અભિનવ પાઠાવલી" સ્ત્રી ધોરણ ૮: (પ્રાકૃત વિષય) "પ્રાકૃત પાઠાવલી"

## માંગરોળ

અત્રે બિરાજમાન પ્રવર્તિની શ્રી ખાંતિશ્રીજી મ સાનું ચાતુર્માસ શ્રી પારેખ કેવળદાસ સોમચંદ ભાઈના ઘરે થવા પામેલ કારતક પૂનમે તેઓશ્રીની નિશ્રામાં પહેલી જ વાર ભવ્ય રીતે શાસનની પ્રભાવના થવા પામી હતી. તેઓશ્રીની પ્રેરણાથી ત્યાંના ગરીબ માણસોએ આવતા વરસે સામુદાયિક પર્યુષણ પર્વનો વરઘોડો કાઢવાનું વચન આપ્યું છે.

## બોરીવલી

અત્રેની જામલી ગલીના ઉપાશ્રયમાં ઉપસ્થિત પૂજ્ય સાધ્વીજી મ સા શ્રી સદ્‌ગુણશ્રીજી તથા શ્રી કીર્તિલતાશ્રીજીની શુભ પ્રેરણાથી તા. ૩૦-૧૦-'૬૦ના રોજ બહેનોને યોગ્ય સંસ્કાર સિંચન કરતી માતૃ સમાજ સંસ્થાની સ્થાપના થવા પામેલ છે. તેઓ શ્રીના ચાતુર્માસ બદલાવવાનો લાભ સાબરમતીવાળા બેન શ્રી કસ્તુરબાએ લીધો હતો.

## આધોઇ

પૂજ્ય આચાર્ય દેવેશ શ્રી કનકસૂરિશ્વરજી મ. સ. ની નિશ્રા હેઠળ ચાલતા ઉપધાન તપના માળનો સમારોહ માગસર વદ ચોથના થનાર છે. આરાધકો ની સંખ્યા ૧૬૦ની છે.

## પાટડી

અત્રેની જૈન પાઠશાળાની પરીક્ષા પરીક્ષક શ્રી રામચંદ ડી શાહે લીધી હતી. પરિણામ સંતોષ કારક આવ્યું છે. આ પ્રસંગે વિદુષી સા. મ. શ્રી લાવણ્યશ્રીજીની હાજરીમાં ઇનામી મેળાવડો યોજવામાં આવ્યો હતો.

## વિજયનગર

અત્રેની શ્રી કલ્યાણ પાર્શ્વનાથ જૈન પાઠશાળાનો એક ઇનામી સમારોહ તા. ૨-૧૧-૬૦ના રોજ યોજવામાં આવ્યો હતો. આ સમારોહમાં પૂ. આચાર્યદેવેશ વિજય પ્રેમસૂરીશ્વરજી મ. ઉપસ્થિત હતા અને અધ્યક્ષપદે શેઠ શ્રી અમૃતલાલ મણીલાલ બિરાજમાન હતા. પરીક્ષાનું પરિણામ જોતાં પરીક્ષક શ્રી રામચંદ ડી શાહે સંતોષ વ્યક્ત કર્યો હતો. પ્રમુખશ્રી અમૃતલાલે રૂા. ૫૧ ઇનામ માટે આપ્યાં હતાં. બાળક બાળિકાઓને ઇનામો વહેંચી પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

## છોટાઉદેપુર

અત્રેના શ્રી મહાવીર જૈન યુવક મંડળ તરફથી તા. ૩૧-૧૦-૬૦ના રોજ એક સાંસ્કારિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મંડળના વાર્ષિક કાર્યવાહી જાહેર કરી નવી કારોબારી સમિતિની રચના કરવામાં આવી છે.

અત્રેના જૈન સંઘ તરફથી પાલિતાણા મુકામે સદ્‌ગત થયેલા પૂજ્ય મુનિશ્રી ચિદાનંદ વિજયજી માટે કારતક સુદ આઠમના શોકસભા ભરવામાં આવી હતી ઠરાવ પસાર કરી સંઘે બે મિનિટ મૌન પાળી સદ્‌ગતના આત્માને શાંતિ વાંછી હતી.

## —: ખાસ સુચના :—

સમાચાર ઘણા જ મુદ્દાસર ને સંક્ષિપ્તમાં મોકલવા. વધુમાં વધુ પંદર લીટીના સમાચાર સ્વીકારવામાં આવશે. એથી વધુ લાંબા સમાચાર મોકલવામાં આવશે તો તેને ટૂંકાવીને જ લેવામાં આવશે એની સમાચાર મોકલનાર ભાઇબેનોએ ખાસ નોંધ લેવી.

ની શુભ પ્રેરણાથી :—

(૧) શ્રી શેઠ આર પ્રતાપરાયની કું. ભાવનગર
(૨) ,, ધરમશી રતનશી મહેતા. એ વરસના
(૩) ,, શેઠ મોહનલાલ મેઘજીભાઈ ,,
(૪) ,, અનોપચંદ અમુલખની કું ,,
(૫) ,, સુરેશચંદ અરવીંદરાયની કું. ,,
(૬) ,, વૃજલાલ ભીખાભાઈ દલાલ ,,
(૭) ,, ધનવંતરાય જીવનલાલ દલાલ ,,
(૮) ,, શાંતિલાલ ફુલેચંદ ,,
(૯) ,, જયંતિલાલ રતીલાલ સલોત ,,
(૧૦) અરવિંદરાય ઝવેરચંદ ,,
(૧૧) ,, જિનચંદ ડાહ્યાભાઈ ,,
(૧૨) ,, અમીચંદ પોપટલાલ ,,
(૧૩) ,, જયંતિલાલ માનચંદ ,,
(૧૪) ,, શાંતિલાલ ફુલચંદ ,
(૧૫) ,, ચુનીલાલ દીપચંદ ,,
(૧૬) ,, ચતુર્ભુજ શામજીભાઈ ,,
(૧૭) ,, મોહનલાલ મેનજીભાઈ ,,
(૧૮) ,, અમુલખ વીરલદાસ ,,

( વધુ આવતા અંકે )

પૂજ્યપાદ પ્રશાન્ત આચાર્યપ્રવર શ્રીમદ્ કીર્તિસાગર સૂરીશ્વરજીનાં શિષ્યરત્ન, બાલબ્રહ્મચારી મંજુલવક્તા પન્યાસ પ્રવર



શ્રીમદ્ સુબોધ સાગરજી ગણિવર્ય.

કપડવંજ નિવાસી સ્વર્ગસ્થ શેઠ શ્રી શનીલાલ ભાઇચંદભાઇના સુપુત્રો તેઓશ્રીના સ્મરણાર્થે "બુધ્ધિપ્રભા" ના પ્રચાર માટે રૂા. ૧૫૧)ની રકમ અર્પણ કરે છે. સદગત શ્રી શનિલાલ ભાઇચંદભાઈ ધર્મનિષ્ઠ ને સખી ગ્રહસ્થ હતાં તેઓશ્રીના જવાથી કપડવંજ જૈન સંઘે એક સહૃદયી આત્મા ગુમાવ્યો છે. તેઓશ્રીના આત્માને શાંતિ મળો એજ અભ્યર્થના............

અભિવાદન ને અભ્યર્થના



સ્વ. શેઠશ્રી શનીલાલ ભાઇચંદભાઈ

## સાભાર સ્વીકાર....

( ગયા અંકથી ચાલુ... )

રૂા. ૧૫૧) સ્વ શેઠ શ્રી શનિલાલ ભાઇચંદની સ્મૃતિમાં તેમના સુપુત્રો તરફથી (કપડવંજ)

રૂા. ૧૦૧) શ્રી છગનલાલ ગુલાબચંદની સુપુત્રી બાઇ મોતીબેન તરફથી (કપડવંજ)

રૂા. ૬૧) શ્રી પંચ પોળના ઉપાશ્રય તરફથી (બજાર મૂકવા કપડવંજ)

રૂા. ૫૧) શ્રી ચીમનલાલ વાડીલાલ મોદી તરફથી (કપડવંજ)

રૂા. ૫૧) શ્રી નગીનદાસ ચંદુલાલ તરફથી હ. રમણલાલ નગીનદાસ (કપડવંજ)

રૂા. ૫૧) શ્રી રાજકાવાડા જૈન ઉપાશ્રય તરફથી (પાટણ) હ. શા પૂજલાલ નિહાલચંદ

રૂા. ૫૧) પ. પૂ. સા. મ. શ્રી મનહરશ્રીજીના શુભ પ્રેરણાથી

રૂા. ૫૧) પ. પૂ. સા. મ. શ્રી શાંતિશ્રીજી તથા પૂ. વિનયશ્રીજીના સ. ઉ. પંચપોળ શ્રાવિકા ઉપાશ્રય (કપડવંજ)

રૂા. ૧૧) પ. પૂ. સા. મ. શ્રી ચંદ્રશ્રીજી મ. ના સ. ઉ. દલાલવાડા શ્રાવિકા બેનોનો ઉપાશ્રય કપડવંજ

રૂા. ૭-૫૦ પૂ મુનિશ્રી જનેન્દ્ર વિજયજીના સ. ઉ. (જામનગર)

( વધુ આવતા અંકે )



## અભિનંદન ને આભાર.

કપડવંજ નિવાસી શ્રી છગનલાલ ગુલાબચંદ દોશીની સુપુત્રી બાઇ શ્રી મોતી બેન તરફથી તેઓશ્રી ના સ્વર્ગસ્થ માતુશ્રી પાર્વતીબાઇના સ્મરણાર્થે રૂા. ૧૦૧ ભેટ કરેલ છે. આ રકમ "બુધ્ધિપ્રભા" તરફથી આપવામાં આવનાર ભેટ પુસ્તકમાં શ્રીમદ બુદ્ધિસાગર સૂરીશ્વરજીનો રંગીન ફોટો મુકવા માટે આપવામાં આવી છે.

અમો બેનશ્રીનો હાર્દિક આભાર માનીએ છીએ અને તેઓશ્રીના આ સુંદર કાર્યનું અભિવાદન કરીએ છીએ...........



પરમ પૂજ્ય સા. મ. શ્રી વિદ્યાશ્રીજી તથા વસંતશ્રીજી મ. સા. ની શીતળ છાયામાં નીચેના બાળ તપસ્વીઓ એ અભિગ્રહ રાખીને છઠ્ઠ-અઠ્ઠમ તપની આરાધના પાદરા મુકામે પર્યુષણ પર્વમાં કરી હતી.

બાળ તપસ્વીઓને ધન્યવાદ!



જમણી બાજુ:— શ્રી કુમારપાળ વાડીલાલ શાહ
ઉ. વ ૬. અઠ્ઠમ તપ.
કુ ધર્મિષ્ઠાબેન સુમનલાલ શાહ
ઉ. વ ૯. છઠ્ઠ તપ
ડાબી બાજુ:— શ્રી રાજેન્દ્રકુમાર કુંદનલાલ શાહ.
(સી પી શાહ વાળા)
ઉ વ. ૧૦ (અઠ્ઠમતપ)
વચ્ચે:— કુ જયાબેન સુમનલાલ શાહ.
ઉ વ ૯ (છઠ્ઠતપ)

# આ. મ. શ્રી કીર્તિસાગર સૂરીશ્વરજીની નિશ્રામાં કપડવંજ મુકામે થયેલા "બુદ્ધિપ્રભા"ના વાચકો—

—: પાંચવર્ષીય :—

૧ મેસર્સ રમણલાલ, ચંદુલાલની કું. મુંબઈ-૨
૨ શા. કેશવલાલ સોમાભાઈ ,,
૩ શ્રી. જયંત મેટલ મે કું. ,,
૪ શા. જસુમઈ ચુનીલાલ ,,
૫ શા. કસ્તુરલાલ તારાચંદ ઝવેરી મુંબઈ નં. ૩
૬ શા. જશવંતલાલ નગીનદાસ ,, ૧૬
૭ શા. રમણલાલ મણિલાલ શેઠ ,,
૮ ગાંધી ગુણવંતલાલ પુનમચંદ મુંબઈ
૯ શા. પુનમચંદ પાનાચંદ દોશી કપડવંજ
૧૦ શા. ગીરધરલાલ બાલાભાઈ પરીખ ,,
૧૧ શા. જેચંદભાઈ હરજીવનદાસ ,,
૧૨ શા. પાનાચંદ મગનલાલ ,,
૧૩ શા. વાડીલાલ મગનલાલ ,,
૧૪ શેઠ મીઠાભાઈ ગુલાબચંદ ટ્રસ્ટની
C/o શ્રી આનંદદેવ સૂરિ-જ્ઞાન મંદિર ,,
૧૫ શા. સાકલચંદ વ્રજલાલની પેઢી ,,
૧૬ શા. મંગળદાસ હેમચંદભાઈ ,,
૧૭ શા. હિંમતલાલ શનીલાલ ,,
૧૮ પોપટલાલ હેમચંદભાઈ ,,
૧૯ શા. નગીનદાસ ધરમચંદ ,,
૨૦ શા. કસ્તુરલાલ વાડીલાલ ,,
૨૧ શા. જયંતીલાલ નગીનદાસ ,,
૨૨ શા. જયંતલાલ અંબાલાલ ,,
૨૩ શા. રતીલાલ પોપટલાલ ,,
૨૪ શા. રસીકલાલ ચિમનલાલ (ઉકાવાળા) ,,
૨૫ શા. બાબુભાઈ કેશવલાલ ,,
૨૬ શા. ઝવેરલાલ પોપટલાલ મોઢાવાળા
૨૭ શા. હરીચંદ આશારામ ભણશાલી ,,
૨૮ શા. કાન્તિલાલ શામળદાસ ,,
૨૯ શા. ભોગીલાલ વીરચંદભાઈ સંઘવી ,,
૩૦ શ્રી કાન્તાબેન નગીનદાસ ,,
૩૧ શા. રતીલાલ કાલીદાસ ગાંધી ,,
૩૨ શા. નગીનદાસ વાડીલાલ ગાંધી ,,
૩૩ શા. કાન્તિલાલ વાડીલાલ ગાંધી ,,
૩૪ શા. શંકરલાલ છગનલાલ ગાંધી ,,
૩૫ શા. ગીરધરલાલ મનસુખલાલ ગાંધી ,,
૩૬ શા. વાડીલાલ હસમુખભાઈ ગાંધી ,,
૩૭ શા. કેશવલાલ હસમુખભાઈ ગાંધી ,,
૩૮ શા. મણીલાલ કેશરભાઈ ગાંધી ,,
૩૯ રતનચંદ કુબેરદાસ ચોકસી ,,
૪૦ શા. પાનાચંદ લીંબાભાઈ ,,
૪૧ શા. રમણલાલ શામળદાસ ,,
૪૨ શા. હસમુખલાલ કેશવલાલ ગાંધી ,,
૪૩ શા. શાન્તિલાલ મંગળદાસ ,,
૪૪ કાન્તિલાલ શનીલાલ ,,
૪૫ શા. મુળજીભાઈ મણેકલાલ કપડવંજ
૪૬ ,, ચંદુલાલ મંગળદાસ ,,
૪૭ ,, બાબુભાઈ શંકરલાલ ,,
૪૮ વકીલ કેશવલાલ ગીરધરલાલ ,,
૪૯ શા. રતીલાલ પુનમચંદ દોશી ,,
૫૦ ,, રતીલાલ અંબાલાલ ,,
૫૧ ,, સોમાભાઈ પુનમચંદ ,,
૫૨ ,, નગીનદાસ બબુભાઈ ,,
૫૩ વકીલ ચીમનલાલ ગીરધરલાલ ,,
૫૪ શા. રમણલાલ ભોગીલાલ ,,
૫૫ ,, કસ્તુરલાલ ભોગીલાલ ગાંધી ,,
૫૬ ,, ચંદુલાલ મુળજીભાઈ ,,
૫૭ ,, હીરાભાઈ આદિતલાલ ,,

૫૮ શા. શંકરલાલ મગનલાલ કપડવંજ
૫૯ „ કસ્તુરભાઇ ચંદુલાલ „
૬૦ „ જયતીલાલ વાડીલાલ શેઠ „
૬૧ „ મણીલાલ વાડીલાલ „
૬૨ „ રમણલાલ નિહાલચંદભાઇ „
૬૩ „ શંકરલાલ ભુગભાઇ „
૬૪ „ મણીલાલ શંકરલાલ „
૬૫ „ બાબુભાઇ હેમચંદભાઈ „
૬૬ „ સૂર્યકાન્ત હસમુખલાલ „
૬૭ „ પોપટલાલ નગીનદાસ „
૬૮ „ મફતલાલ કેશવલાલ દોશી „
૬૯ શેઠ વાડીલાલ મનસુખલાલ પારેખ જૈન લાયબ્રેરી „
૭૦ શા. સેવકલાલ મોતીલાલ પાદરાવાલા વડોદરા
૭૧ „ બાબુલાલ કેશવલાલ લસુંદરા
૭૨ „ નાથાલાલ વખતચંદ „
૭૩ „ શાન્તિલાલ સાંકલચંદ „
૭૪ „ નવીનચન્દ્ર કેશવલાલ „
૭૫ શેઠ માણેકલાલ જેઠાલાલ આંતરોલી
૭૬ શાહ મણીલાલ ડાહ્યાભાઈ „
૭૭ „ રમણલાલ ભીખાભાઈ „
૭૮ „ રતીલાલ મોહનલાલ „
૭૯ „ મંગળદાસ તલકચંદ „
૮૦ „ મણીલાલ લલ્લુભાઇ તોલણી
૮૧ „ સોમચંદ વાડીલાલ મોટીજેર
૮૨ „ વાડીલાલ જેઠાલાલ મોટીજેર
૮૩ „ લાલભાઇ લલ્લુભાઇ અમદાવાદ
૮૪ „ ભીખાલાલ દલસુખરામ લાલપુર
૮૫ „ માણેકલાલ મગનલાલ મું. લાલપુર
૮૬ „ કેશવલાલ મંગળદાસ „
૮૭ „ રમણલાલ સોમચંદ બહીયળ
૮૮ વકીલ રમણલાલ વાડીલાલ નડીઆદ
૮૯ શા. સોમચંદ શીવલાલ મું. ધડીઆ
૯૦ શ્રી. ધડીઆ સાર્વજનીક લાયબ્રેરી ધડીઆ
૯૧ „ રતિલાલ પોપટલાલ „
૯૨ શેઠ રાયચંદભાઇ ગુલાબચંદ મું. અરછારી
૯૩ શા. નેમચંદ બાલચંદ વિજાપુરવાળા મું ઇડર
૯૪ „ રમણિકલાલ સાંકળચંદ મોડાસા
૯૫ શ્રી. જૈન યુવક મંડળ મહુવા
૯૬ શા દેવચંદભાઇ જેશીંગલાલ સાલડી

## —: ત્રણવર્ષિય :—

૧ શા. નેમચંદભાઇ કેશવલાલ ગાંધી કપડવંજ
૨ „ કસ્તુરલાલ કાલચંદ „
૩ „ ચંદુલાલ પુનમચંદ દોશી „
૪ „ જેશીંગલાલ કેશવલાલ „
૫ „ વાડીલાલ તારાચંદ „
૬ „ રીખવદાસ નેમચંદ „
૭ „ રમણલાલ શંકરલાલ „
૮ „ શાન્તિલાલ મોહનલાલ નડા

## —: બે વરસના :—

૧ શા. પોપટલાલ શંકરલાલ કપડવંજ
૨ „ રમણલાલ મોહનલાલ „
૩ શા. સવાઇલાલ ડાહ્યાચંદ „
કસ્તુરલાલ શામળદાસ „
૫ ડૉ માણેકલાલ પ્રેમચંદ „
૬ શા. મનુભાઈ ભોગીલાલ ચાવાલા „
૭ „ નટવરલાલ પોપટલાલ „
૮ „ કાન્તિલાલ વાડીલાલ (મહેમદાબાદવાળા) મું. કઠલાલ

---

**બુદ્ધિપ્રભા દર મહિનાની ૨૦મી તારીખે પ્રગટ થાય છે.**

BUDDHIPRABHA REGD. NO. B 9045
Regd. as a Newspaper by the Registrar of Newspaper-New Delhi

# ચાલુ સફરે..............

ધીમે ધીમે પડતા આખડતા પણ "બુદ્ધિપ્રભા" એ મક્કમ પગલે એની કૂચ ચાલુ રાખી છે. આજે એ બીજા વરસમાં પ્રવેશ કરે છે. એક વરસમાં એણે નોંધપાત્ર સફર કરી છે.

માત્ર એક જ વરસમાં એણે **અઢી હજાર** ઘરોમાં પોતાનું સ્થાન જમાવ્યું છે.

માનદ્ પ્રચારકોની લાંબી એવી એક હારમાળા ઊભી કરી છે.

આચાર્ય ભગવંતો, સામાજિક કાર્યકરો, દાતાઓ, માનદ્ કાર્યકરો આદિનું સારૂં એવું જુથ ઊભું કર્યું છે.

શ્રી જયભિખ્ખુ શ્રી, ચિત્રભાનુ, શ્રી મણીલાલ ઉદાણી, શ્રી નટવરલાલ શાહ જેવા અભ્યાસી ને પ્રસિદ્ધ લેખકોનું એક અનેરું મંડળ ઊભું કર્યું છે.

નવોદિત લેખકોને પણ યોગ્ય સ્થાન આપ્યું છે.

કલકત્તા, સિકંદરાબાદ, મદ્રાસ, મુંબઈ, વડોદરા, અમદાવાદ, રાજકોટ, જુનાગઢ, દિલ્હી જેવા મોટા મોટા શહેરો તેમજ કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત, સાંબરકાંઠા, પંચમહાલ આદિ જીલ્લાના નાના નાના અનેક ગામોમાં એણે વિસ્તાર કર્યો છે.

તંત્રીલેખ, પ્રાસંગિક નોંધો, શાસન સમાચાર ને એક જ વરસમાં ત્રણ ત્રણ સમૃદ્ધ વિશેષાંકો (પર્યુષણ અંક, શ્રીમદજી જન્મ જયંતિ અંક ને દીવાળી અંક) આપ્યાં છે.

અને આ બધુંય છતાં લવાજમના તેમજ જાહેર ખબરના દર અપેક્ષાએ ઘણાજ ઓછા છે.

| | | | |
|---|---|---|---|
| પાંચ વરસના ગ્રાહકના | રૂા. ૧૧ : ૦૦ | બે વરસના ગ્રાહકના | રૂા. ૫ : ૦૦ |
| ત્રણ " " | રૂા. ૭ : ૦૦ | એક " " | માત્ર અઢી રૂપિયા |

## જાહેર ખબરના ભાવ

| પેજ | વાર્ષિક | છ માસિક | ત્રિમાસિક | માસિક |
|---|---|---|---|---|
| ૧ | ૧૭૫ | ૧૦૦ | ૬૦ | ૨૦ |
| ૧/૨ | ૧૦૦ | ૬૦ | ૩૫ | ૧૫ |
| ૧/૪ | ૬૦ | ૩૫ | ૨૦ | ૮ |
| ૧/૮ | ૩૫ | ૨૦ | ૧૨ | ૫ |
| કાઉંટર પેજ— | | | | |
| ચોથું પેજ— | ૩૨૫ | ૧૭૫ | ૧૦૦ | ૩૫ |
| ત્રીજું પેજ— | ૨૫૦ | ૧૩૦ | ૭૦ | ૨૫ |

આપ આજે જ "બુદ્ધિપ્રભા" ના ગ્રાહક બની જાવ.

"બુદ્ધિપ્રભા" ના કોઈ પણ કાર્ય અંગે નીચેના સરનામે પત્રવ્યવહાર કરવો.

"**બુદ્ધિપ્રભા**" કાર્યાલય, દાદા સાહેબની પોળ, ખંભાત.

આ માસિક મધુસુદન છોટાલાલ શાહે ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસ આણંદમાં છાપ્યું અને તેના પ્રકાશક બુદ્ધિપ્રભા સંરક્ષક મંડળ વતી હિંમતલાલ છોટાલાલે ત્રણ દરવાજા ખંભાતમાંથી પ્રકટ કર્યું.